સચિત્ર

ચતુર સુંદરી

રસીક

ગરબાવળી



પ્રકાશક—બુકસેલર ચંદ્રશંકર મગનલાલ પંડ્યા.

ઠે૦ ભરાનપુરી ભાગળ—સુરત.

દશ આના.

સી એમ પંડ્યા———છાપીવાઈ.

શું તમોને નાટકોનો શોખ છે ?
અને જો હોય તો
પ્રખ્યાત નાટકોમાંથી વિણી કાઢેલા ઉત્તમો ઉત્તમ
ગાયનોથી ભરપુર હુમાગ તરફથી પ્રસિદ્ધ થયેલી
બુક જરૂર ખરીદજો નામે

ગુજરાતી ગાયનમાળા

ભાગ ૧—૨—૩—૪—૫

દરેકની કીં. છ. છ. આના. વી. પી. પોસ્ટેજ જુદું.

એક બીજી વધામણી

જો તમારૂં મોઢું એરંડીયું પીધેલાના જેવું હોય અને
તેને ખુશાલીથી ભરપુર બનાવી પેટ દાબી હસવાં
અને હસતાં ચહેરાનાં થવાં ઇચ્છતા હો તો

અક્કલનો ઓથમીર

* અથવા *

ગામડીયો ગમાર.

જરૂર વાંચો—કીંમત ફક્ત દશ આના—જરૂર વાંચો

મળવાનું ઠેકાણું-ગુજરાતી સાહિત્ય મંદિર, સલાબતપુરા-સુરત

બહોળા સુધારા વધારા સાથે.

ચતુર સુંદર

રસીક

ગરબાવળી.

છપાવી પ્રસિદ્ધ કર્તા—

"નવચેતન" પુસ્તકાલય.

– તરફથી –

બુકસેલર ચંદ્રશંકર મગનલાલ પંડયા.

બરાનપુરી ભાગળ—સુરત.

આવૃત્તી ૧ લી (કોપીરાઈટ) સંવત ૧૯૮૦

કીમત દશ આના.

C. M. Pandaya.

તાકીદે મંગાવો. વહેલો તે પહેલો. જુજ નકલો સીલીક છે.

ધી ન્યુ ફોનોગ્રાફ ગાયનમાળા.

ભાગ ૧ થી ૪ પાના ૬૪.

રાધા કૃષ્ણના દર્શનીક ફોટાવાળું પુઠું.

છતાં કીંમત ફક્ત ૭ આના. ટપાલ ખર્ચ જુદું.

મળવાનું ઠેકાણું—ગુજરાતી સાહિત્ય મંદિર.

સલાબતપુરા—સુરત.

અજરામરની વાર્તા મોટી

અણુમાનીની રાણીના પરાક્રમી પુત્ર ગજરામ રની રસથી ભરપુર વાર્તા.

કીંમત આઠ આના. લખો-ઉપરને શરનામે



સદેવંતસાવળીંગાની મોટી વાર્તા.

આઠ અવતારની સંપુર્ણ વાર્તા. શીવપાર્વતીના સંવાદ સાથે જરૂર ખરીદો.

કીંમત આઠ આના. લખો-ઉપરને શરનામે

સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી "અનાવિલ" પ્રી.
પ્રેસમાં રઘુભાઇ લલ્લુભાઇ દેશાઇએ છાપ્યું.

ગીતાજીની કાંચળી



૧૪ ગગન રે વણનો મરચલો હો ગડુચરી, વનફળ ચરી ચરી જાય,
એના ગીતાએ આણીઆ હો ગડુચરી. કાંચળડી ગાવડાય



લે આ છોડું છુ પુત્રી તારો ભરથાર,
પામ્યો વર્ષ ચારસોનુ આયુષ તારો પતિ.

ચતુર સુંદર રસીક ગરબાવળી.

—સીતાની કાંચળીનો ગરબો:—

કૈકૈ કોપમાં બોલીયાં હો બહુચરી રામ લક્ષમણ વન જાય,
પહેલું વન રામે મેલીયું હો બહુચરી સીતાએ રોપ્યાં છે વૃક્ષ.
અમરોને ડમરો રોપીઓ હો બહુચરી રોપ્યાં છે દાડમ દ્રાક્ષ,
રાજા રાવણનો મરઘલો હો બહુચરી, વનફળ ચરી ચરી જાય.
ચરતાં સીતાએ ભાળીઓ હો બહુચરી, કાંચળડી સીવડાય,
સાવ સોનાનો કંચવો હો બહુચરી ચામડામાં શો સાર.
નહી કાકાના કટંબમાં હો બહુચરી, નહીં મામાને મોસાળ,
નહી મહીયરમાં બાંધવો હો બહુચરી, કોને ચડાવું પાડ.
સીતા મહીયરનાં પાતળાં હો બહુચરી, કોણ લડાવે લાડ,
સીતાના બોલ સાંભળ્યા હો બહુચરી, ધનુષ્ય લીધું હાથ.
પહેલું તે બાણ રામે ફેંક્યું હો બહુચરી જઈ પડ્યું દરીયા સાથ,
બીજે તે બાણે મૃગ મારીઓ હો બહુચરી, ધાજો હો લક્ષમણ વીર.
સીતા કહે જાઓ દીએર હો બહુચરી, ભડ્યા તમારા વીર,
બેલી સીતા બેલું ન બોલીએ હો બહુચરી, રામ ભડ્યા કેમ જાય.

આણ આપી શ્રીરામની હો બહુચરી, લક્ષમણ વાંસે ધાય,
રાવણ આવ્યો જોગી વેશથી હો બહુચરી, ભીક્ષા દો સીતામાય.
આણો આપી છે શ્રીરામની હો બહુચરી, ભીક્ષા આપી નવ જાય,
એક પગ મુકો આણમાં હો બહુચરી, બીજો તે આણો બહાર.
ખાંધે મુકીને રાવણ ચાલીઓ હો બહુચરી, હરી છે સીતાનાર,
મૃગ મારીને રામ લાવ્યા હો બહુચરી, નાખ્યો મઢીની બહાર.
સુના મંદીર દીસે માળીઆં હો બહુચરી, કયાં ગઇ સીતાનાર,
રામ રૂવે લક્ષમણ રીઝવે હો બહુચરી, વેલાં ના રોશો રામ.
સીતા સરખી પરણાવશું હો બહુચરી, સીતા ધરાવશું નામ.
જળજળ કમળ ન નીપજે હો બહુચરી, વનવન અત્તર ન હોય,
ઘેરઘેર સીતા ન નીપજે હો બહુચરી, બંધવ વિચારી જોય.
રામે તે પાનબીડાં ફેરવ્યાં હો બહુચરી, કોઇ છે બળીઓ જોધ,
બીડું ઝીલે હનુવો જતી હો બહુચરી, લાવું સીતાની શોધ.
ઠામ ઠેકી ઉપડગો હો બહુચરી, ગયો લંકા મોઝાર,
જોયાં ચોરાસી ચૌટડાં હો બહુચરી, જઇ જોઇ તો બાવન બજાર,
જોયાં મંદીર જોયાં માળીયાં હો બહુચરી, જોતું રાવણનું રાજ.
કંઇ સીતા દીઠાં નહી હો બહુચરી, ગયો પાણીયારીને ઘાટ.
બાઇ પાણીયારી તને વીનવું હો બહુચરી, કયાં છે સીતામાય:
અશોકવાડીને ઝાડવે હો બહુચરી, ત્યાં જો તુજથી જવાય.
ત્યાં થકી હનુમંત ઠેકીઓ હો બહુચરી, આસોપાલવને ડાળ,
પડતી મહેલી પવીત્ર હો બહુચરી, મુદ્રીકા જયાં ને સીતા નાર.
મુદ્રીકા મારા રામની હો બહુચરી, કયાંથી લાવ્યો હનુમાન,
કોણે તને જોવા મોકલ્યો હો બહુચરી, કોણે આલ્યાં એંધાણ.
રામે મને જોવા મોકલ્યો હો બહુચરી, લક્ષમણે આલ્યાં એંધાણ

ભાળ લેવા હું આવ્યો હો બહુચરી, પંચવટીથી પ્રમાણ,
તરસ્યો તે હઇશ ભાઇ આવજે હો બહુચરી, તળાવડાં તે નીર જહાંપી,
ભુખ્યો તે હઇશ ભાઇ આવજે હો બહુચરી, પડવાજ વનફળ ખા.
ઝાડ ઝોટે ને ઝપાટે હો બહુચરી, ખંખેરે ને ખાય,
બાળી આવ્યો માથું કુટતો હો બહુચરી, રાવણ પાસે જાય.
રાવણ બળથી બોલીઓ હો બહુચરી, મારો બળીને બાણ,
મારજો લોઢેને લાકડે હો બહુચરી, મારજો એરણ ઘાણ.
કુંભકરણે બાથા ભીડયા હો બહુચરી, સાચું જાણીને બાણ,
ઇંદ્રજીતે બાથા ભીડયા હો બહુચરી, કે હું વાળુ એનો ઘાણ
નહીં મરૂં લોઢેને લાકડે હો બહુચરી, નહી મરૂં એરણને ઘાણ,
સાચું બોલ ભાઇ સાવજો હો બહુચરી, શેને તજે તુ પ્રાણ.
બધી લંકાના ગોદડાં હો બહુચરી, સૌ ઘાણીનું તેલ,
મારે તે પુછડે બાંધે જો હો બહુચરી, અગ્નિ તેમાં મેલ.
મોત વાંદરાનું તે થશે હો બહુચરી, ચેતજે મનમાં ઝટ
ત્યાં થકી ઉપડયો ઠેકડે હો બહુચરી, જઈ બેઠો લંકા મઢ,
બાળ્યાં ચોરાસી ચહુટાં હો બહુચરી, બાળ્યાં છે બાવનબજાર
રાખ્યાં વિભિષણના એક ખોલડાં હો બહુચરી, તે આસોપાલવડાળ
લંકા બળે અતુલની હો બહુચરી, હનુમાન ને હાલું થાય,
જુના તે મઢને માંદરે હો બહુચરી, નાગર નરસઇઓ ગાય.

મીરાંબાઇનો ગરબો.—રાગ-ગરબી—

પ્રભુ પાલવ પકડી રહી હું પુરણ પ્રેમથીરે,
મારા છેલ છબીલા અંતરના આધાર;
ઉભી અરજ કરે છે મીરાં રાંકડીરે.—(ટેક)

તમે દાસી તણાં દુઃખ—હરી દુર કરોરે,
શીશ નામી મારા પ્રભુને પ્રણામ—ઉભી અરજ•

સાખી { સાસરીયામાં સુખ નહીં મહીએરીએ નહિ માન,
સુખ દુઃખની મારી વાટડી, કોઇ ન ધરતુ કાન.

નથી રહેવું મારે રાણાજીના રાજમાંરે,
સાણો રોશે ભરીયો કાઢી કુડો કંથ—ઉભી અરજ૦

સાખી { આ વખત હરી આવજો, વિઠ્ઠલ વાંજો વ્હાર,
ગોવિંદ સાથે ગોઠડી, અબળાના આધાર.

હરી વસમો જાણી વેગે વહેલા આવજોરે.
નહીં તો જરૂર મારા જીવનું જોખમ થાય—ઉભી અરજ•

સાખી { ઉંડે કુવે ઉતારીયાં, તરત તુટયું વરત,
તારણુ વાળો તારસે, શામળીયો સમરથ.

એવા વીવેકી વીઠ્ઠલને જાવું વારણેરે
કે જેથી ટળે હરીજનોના અંતરના ઉચાટ—ઉભી અરજ•

સાખી { વિશ્વાસે વળગી રહી, ત્રીકમ રાખે ટેક,
અળગી રહી તમ આગળે, મન ધરી વિવેક.

ભક્ત આરૂ આવે, ભાવે શુદર બેટવારે,
સત્ય રાખો હરી સાથા સુંદર શ્યામ—ઉભી અરજ૦

સાખી { નિતિધર્મ નવ મુકવો, જ્યાં ધરમાં પ્રભુ,
સહેજે સીધુ ઉતરે, હરી ઉગારે હાંમુ

નિત્ય નામ લેતા પાપી પાવન થાયછેરે.
પ્રભુ રાખો મુને પ્રેમ ધરીને પાસ—ઉભી અરજ•

સાખી { રૂપાળા રણછોડજી નમી નમી લાગુ પાય
દુષ્ટ કથને દુર કરો, જેથી શીતળ થાય

તમ દર્શન દીઠેથી દુઃખ જાયછેરે,
આવો ભેટવા ભાવ ધરીને ભગવાન—ફરી. અરજ૦

સાખી { ભકતી ભેદના વેદને, શું જાણે ગમાર,
છોટમદાસની વીનતી, ગાજો નરને નાર,

હરી ભજે તેની આશા પુરણ થાયછેરે.
અંતે જાય બેસી વૈકુંઠે વિમાન—ફરી અરજ૦

મીરાંબાઈના ગરબા. (બીજો)—રાગ ગરબી—

કોઇ મીરાંને મનાવી વ્હેલાં આવજોરે,
તેને આપું વેડ વીંટી ને ભંડાર,
જાવો તેડવા ને વાર લાગે નહીરે

સાખી { રાણો કાગળ મોકલે, દેજો મીરાંને હાથ,
કંથ રૂદન કરે ઘણું, છોડી ચાલ્યા સાથ.

મારે અન્ન તો લીધાની છે આખડીરે,
નહીં તો જરૂર મારા જીવનું જોખમ થાય—કોઇ મીરાંને૦

સાખી { શું કરૂં આ સાહ્યબી મુજને છે ધીક્કર,
વગર વાંકે કહાડીઆં, સમજો નહીં કંઇ સાર.

મારા મનની વાતો મનમાં રહીરે,
ગયા પછી હવે હાથ ઘસે શું થાય—કોઇ મીરાંને૦

સાખી { સતી મનાવી લાવજો, સદાય પામું સુખ,
કયારે આવે એ સતી, જોવું મારે મુખ.

મારો અમુલખ મનખો એળે ગયોરે,
એને લાગ્યો ખેપીઓ ખબર તેણી વાર.—કોઇ મીરાંને૦

સાખી { સાને શોક ધરો હવે, થનાર વસ્તુ થાય,
તેજમાં તેજ સમાઇ ગયાં, સામળીઆની સહાય,

એવો સંકટી ફેરો અતિ પ્રનાશ છેરે,
સોની છોટો લાગે નમી નમીને પાય—કોઇ મીરાંને•

નળરાજાનો ગરબો —રાગ-બરાનપુરી—

રે નળરાજાનું આખ્યાન, તમે ધરી દયોને ધ્યાન
દમયંતી સ્વયંવર કહુ તમને..................
કે નૈષદ દેશનો રાય, તે તો મૃગયા રમવા જાય,
ત્યાંથી આવ્યો જનાવર એક, હંસને...........
હંસ કરવા લાગ્યો વાત, રાજા નળની સંગાથ,
મુને મુકી દો મહારાજ, મારી નારી રૂવે, શું કહું તુમને.
સો, પુત્રની તો છે માત, તેને મળી આવું આજ,
આપ્યું વચન. છોડી દીધો હંસને...............
હંસ ઉડયો ઉડયો જાય, એની નારીની પાસ,
ત્રણ દીવસમાં આવ્યો રાજા કને..............

સાખી { રાજા હંસ ઘેર આવ્યા, તેને હૈયે હરખ ન માય,
હંસ વાહન બ્રહ્મા તણું, તેને ખોટાં કેમ કહેવાય.

તેં વચન આપ્યું મુજને, રાજા કહે છે હંસને,
તું કન્યા લાવની શોધીને-હંસ ઉડયો ઉડયો જાયે;
શોધી સ્વર્ગને પાતાળ, ત્યાંથી ઉડયો કુંદનપુર નગરીમાં.
કુંદનપુરનો છે રાય, રાજા ભીમક કહેવાય,
તેની પુત્રી કુંવારી એક દમયંતી.
તે તો કુંવારી કહેવાય, સુખે રહે છે વાડી માંહે,

હંસ જઇ બેઠો ત્યાંય, એક ઝાડ ઉપર કરે નળનાં વખાણ;
ચડ્યું કન્યાને જાણ, જુઓ કોણ બોલે નર વાડીમાં.

સાખી { દમયંતીએ દાસીને કહ્યું, જુઓ કોણ બોલે વાડી માંય,
એવા નર એ કોણ છે, વળી કેમ કરી ઓળખાય.

દાસી ફરકતી આવી, હંસ બેઠો નીચી ડાળી,
વહાલો હાથે કરીને પકડાઇ ગયો...............
નારીએ ચાંપ્યો રૂદીઆ સાથ, પછી પુછી નળની વાત,
એવા નળ કુંવારા કેમ રહ્યા.................
હંસ કહેવા લાગ્યો વાત, સણી દમયંતી સાથ,
કે તેના તેજ થકી રવી જંખવાઇ ગયા..........
નારીનું વચન લઇ જ્યાં, હંસ ઉડયો છે ત્યાં,
પાછો ફરીને નૈષદ દેશ ગયો..................

સાખી { રાજા ભીમકની પુત્રી, તેની કહળી સરખી કાય;
ત્રણ ભુવન ફરી વળ્યો, (પણ) એવી કન્યા મળે ના કયાંય.

તેના તેજ તણો નહિ પાર, તમે શું કરો વિચાર,
જઇ પરણો કન્યા દમયંતી..................
નારદમુનિ કહેવાય, તે તો દેવ સભામાં જાય,
(તેણે) જઇ કહ્યા સમાચાર ઇંદ્રને.............
વાયુ વરૂણ અગ્નિ આવ્યા, જોડે યમરાજાને લાવ્યા.
ઘણા ચરિત્ર કીધા–રાય છળવાને..............

સાખી { પાંચે મંડપમાં ગયા, ધરી નળનું રૂપ;
આવી વરમાળા આપવા, તે બની ગઇ તદરૂપ.

પુત્રી પુછે પીતાને વાત, માળા કોને આરોપુ,
અહીં આવ્યા છે પાંચે આ નળ બનીને.........

નારી ફરતી ફરતી આવી, વરમાળા આરોપી નળરાજાને,
એક એકને દીધા શ્રાપ, સિંહ રીંછ વાઘ વાંદર બન્યા;
તેઓ દેવ સભામાં ગયા, એ તો ઓશીયાળા થયા,
ઘરની નારીઓ મહેણાં દે છે, એમ કહે છે ખુશાલદાસ;
સાખાશ જમજીવનએ પછી કળજુગ વ્યાપ્યો નળરાજાને.

શ્રી બજરંગી હનુમાનજીનો ગરબો.

અંજનીનો જાયો હનુમાનરે સમરૂં બજરંગી;
એને ચઢેછે તેલ સીંદુરરે સમરૂં બજરંગી;
મારા રામ તણા રખવાળરે સમરૂં બજરંગી;

સાખી | શનીવારે કરૂં તમારી રથાપના, ને ભોમે કરૂં ભોજન;
| કપુરે ઉતારૂં તમારી આરતી, એવા સકળ સ્વરૂપ હનમાનરે-સ૦

માતાજીનાં વચન સાંભળીને; બાપના પાળવા બોલ;
અયોધ્યાનું રાજ મુકી રામ લક્ષમણે, ભોગવીયાં વનવાસરે-સ૦

રામે રથ જોડીઆં, સીતાને લીધાં સાથ;
વનનાં વનકલ પહેરીઆરે, સાથે ચાલ્યા છે લક્ષમણ વીરરે સ૦
વનમાં જઇ મઢી કરીને, ત્યાં પુર્યો છે વાસ;
લક્ષમણ સરીખા બંધાવ નહી મળેરે, તમને ફળનું લાવી
આપનાર કોણરે-સ૦

રામ ગોડે તક્ષાવડીને, લક્ષમણ બાંધે પાળ;
સોના કેરે બડુલેરે સીતા, અમરોને મરવો પાયરે-સ૦
સીતાની વાડીમાં અમરોતે, મૃગલો ચરીચરી જાય;
કાલે મરાવું પેલા મૃગનેરે, મારાં કાચાં તે વનફળ ખાયરે-સ૦

૧૧૭૬૪

મૃગ મરીચી કારિમોને, તેની કહેવું છાલ;
તેનો સીવડાવું કંચવોરે, હું તો હીંડુ ચમકતી ચાલરે—સ૦
મરીચી મૃગ થઈ આવીઓને, રાણીને લાગી રઢ;
હો મારા રામજીરે, કંથ કાંચલડી સીવડાવોરે—સ૦
સુતર ભરેલો કંચવોરે, ચામડાની શી રઢ;
આપણા સ્વારથ કારણે, પેલા પશુના શીદ લેવા પ્રાણરે—સ૦
સીતા કહે નહી પીયરીએ ને, નહી માને મોસાળ;
નહી મારે કંથ કલામણાને મારા મનની કોણપુરે આશરે—સ૦
ભાથામાંથી બાણ કાઢી અને, રામજીએ લીધાં હાથ;
મૃગ મારવા સમ સંચર્યારે, મુકી સીતાને લક્ષમણ સાથરે—સ૦
પહેલું બાણ રામે સાંધ્યું તે, વાગ્યું મૃગ શરીર;
મૃગ મરતાં પોકારીઓરે, ધાજો ધાજો લક્ષમણ વીરરે—સ૦
સીતા કહે તમે સાંભળોને, બોલાવે તમવીર;
લક્ષમણ કહે ખોટી વાત છે, કંઇ કપટ જેવી વાતરે—સ૦
કપટ છે તમ હીલડાં વિશે હું સમજી આ વાર;
બીડ પડી બંધવને વન વિશેરે, તમે બેઠા કરો વિચારરે—સ૦
કુદ્રષ્ટી મુજપર તમ તણી એ, તેમાં નહી સંદેહ;
જાણ્યા તમને લક્ષ્મણ દીયરારે, જાણ્યાં પાપ તમારાં આજરે—સ૦
સીતાના વચન વાગ્યા રૂદે વિષે ને ચઢી લક્ષ્મણને રીસ;
મઢીને ફરતી ચોકી મુકીનેરે, ચાલ્યા ત્યાંથી તે દીસરે—સ૦
ધુપ પડે ધરતી તપેરે, જોગી ઉભો બાહાર;
સત્ય આત્માને કારણેરે, ભીક્ષા આપો હો અમકેરી માતરે—સ૦
આપવી હોય તો આપો મનેરે ભીકર સુખે કહો નાથ;
વાર લાગે મને ઘણી મારો સંઘ કેડાઇ જાયરે—સ૦

ઉંચી મેડી આકાશમાંને નીચા સરોવર ઘાટ;
સીતાને રાવણ હરી ગયોરે, પછી મઢીમાં ઉડે કાગરે—સ૦
રાવણને જોઇ સીતા સતી, કરતાં ઘણો વિલાપ;
ન કહેવાનાં વચન લક્ષ્મણને કહ્યારે, લીધું પાપ માથે અમાપરે—સ૦
સત્ય વચની સત્ય બાંધવા ને, સત્યનો ચાલન હાર;
આચળ સુધી મારી પોંહચી નહી ને, ઘણા કર્યા તીરસ્કારરે—સ૦
નીચ બુદ્ધી સ્ત્રી જાતનીરે, નહી મનમાં કાંઇ વીચાર;
પોતાના સ્વારથને કારણે રે કરે પુરૂષને ખુવારરે—સ૦
મૃગ મારી રામ આવીઆને આડો ઉતર્યો સાપ;
એ મારા બંધવારે આજે વિપ્રીત દીસે કાજરે—સ૦
ધનુષ મેલ્યાં ટુકડાને, બાણજ મેલ્યાં બહાર;
એ મારા સગુણ બંધવારે, ગઇ સકુળની—નીજ નારરે—સ૦
મે જાણ્યું લક્ષ્મણ સુલક્ષણોને સારા કરશે કામ;
ના માર્યો વનમાં મૃગલોરે, નવ રાખી સકુળની નારરે—સ૦
કુવા ઢાંકણ ઢાંકણું ને, ખેતર ઢાંકણ વાડ;
બાપનું ઢાંકણ બેટડાને, ઘરનું ઢાંકણ નારરે—સ૦
રામ રૂવેને લક્ષમણ રીઝવેરે, ના રોસો મારા વીર;
બીજી પરણાવશું સુંદરીરે તેનું નામ ધરવીશું સીતા નારરે—સ૦
જળ જળ કમળ ના નીપજે, વન વન ચંદન ન હોય;
સતી સીતા એક છેરે, એવી ઘેર ઘેર સીતા ના હોયરે—સ૦
રામ રૂવે, લક્ષ્મણ રૂવે, રૂવે વનના પંખી જન;
ના રૂવે હનુમાન એકલા, એને સીતા લાવ્યાની ઘણી હામરે—સ૦
રામે બીડાં આપ્યાંને, હનુમાને લીધાં તે હાથ;
આજ્ઞા હોય તો ઉડીયેરે તેડી લઇ આવું સીતા માતરે—સ૦

ત્યાંથી હનુમાન ઉઠીયાને, પડયા લંકાની માંય;
જોયાં ચોમાંશી ચઉટાંને જોયાં બાવન બજારરે—સ૦
જોઇ રાવણની રાણીઓને જોયા રાવણના મહેલ;
જોઇ રાવણની મેડીયોરે, પછી પેંઠા તે વાડી માંયરે—સ૦
વાડીમાં જઇ વનફળ લાવતાને, તેનો કરતા આહાર;
લીધી વાડી સુકી કરીરે, પછી દીઠાં છે સીતા માતરે—સ૦
ક્યાંથી તમે અહીં આવીયાને, શું તમારૂં નામ;
કોણે તમને મોકલ્યારે, અહીં શું છે તમારે કામરે—સ૦
રામે અમને મોકલ્યાને, હનુમાન મારૂ નામ,
પંચવટીથી અમે આવીયારે, મારે શોધ લેવાનું કામરે—સ૦
આગળ દરીયો જળ ભર્યોને ત્યાં રાક્ષસનો ભય;
શી રીતે તમે આવીયારે, શાથી પહોંચી તમારી હામરે—સ૦
સાત સમુદ્ર સુકા કરને રાક્ષસને મારૂ ઠેર;
આજ્ઞા હોય તો ઉડીયેરે લઇ જાવું માતાજીને ઘેરરે.—સ૦
વાડી સઘળી ઉજડ કરીને લગાડી લંકામાં લહાય;
અક્ષયાદી કુંવર મારીયારે, વરતાવ્યો લંકામાં કેરરે—સ૦
ત્યાંથી હનુમાન ઉડીઆ તે આવ્યા રામજી પાસ;
રામને સમાચાર આપીઆરે કુશળ છે સીતા માતરે—સ૦
ત્યાંથી રામ ચાલીયા ને આવ્યા લંકાની માય;
પથ્થર કેરી પાળ બાંધીને સૈન ઉતાર્યું પેલે પારરે—સ૦
લંકાગઢ રામ પહોંચીયાને રાવણને થઇ છે જાણ;
ઇંદ્રજીત યુધ્ધે ચઢયોરે ત્યારે લક્ષ્મણને મુરછા થામરે—સ૦
કડવી હોજો લીંમડીને શીતળ હોજો છાંય;
બંધવ હોય બોલકણારે પણ અંતે પોતાની બાંયરે—સ૦

સુખમાં સંભારે સુંદરીને દુઃખમાં સંભારે રામ;
વનમાં સંભારે બંધવોરે મારી ભાગી જમણા હાથની બાંયરે–સ૦
નવ મહીના ઉદરમાં રાખીયાને નવ જાણી માની વાત;
બાળપણામાં જેની મા મરેરે તેને ચો દીશાના વાયરા વાયરે–સ૦

દુઃખના બેલી બંધવાને માડી જાયા વીર;
તેની તોલે કોઇ ન હોયરે, એ તો સુખ દુઃખમાં સાથરે–સ
લક્ષ્મણ જાગ્યાને હોજીરે બંધવ બોલને એકવાર
માત વીના સુની બેટડીને, ભાઇ વીના સુની બેનરે,
આવ્યાતા આપણ ત્રણ જણાને, હવે કેમ જઇશ હું એકાએકરે,
માત તે મારી પુછશે ત્યારે હું શો ઉત્તર દઇશરે;
ચઉદ વરસ વન વિષે રહ્યા નવ જાણી સુખની વાત;
અંતે મને દગો કરીને તમે ચાલ્યા ગયા ભુજ ભ્રાત;
બ્રહ્મચર્ય વૃત તમે પાળીને તજી નિદ્રાને આહારરે;
રાત દીવસ ચોકી કરી અમ તણી રહી ઘર બહાર.
પુત્ર વિના પરીવાર સુનો સ્ત્રી વિના ઘરબારરે;
બંધુ વિના બેલ નહી કોઇની મિત્ર વીના શો વીચાર.
ભરત શત્રુઘ્ન મને પુછશે ક્યાં ગયો લક્ષ્મણ ભાઇરે;
આવી વાત તમારી સાંભળીને રોશે સુમીત્રા માઇરે.
ઉઠો બંધવ વાર થાય છે, મારવો રાવણ રાયરે;
પછી જઇએ અવધપુર વીશે, સાથે લઇ સીતાય.
રામના વીલાપ જોઇને રૂવે સેના તમામ,

મનવંતરી વદ્દે ઉપાય શોધીયોને, કીધી આગ્ના હનુમાન-સ૦
હનુમંત મન હીમત ધરીને દ્રોણાચળ લેવા જાય;
પલક એકમાં પાછા આવીયારે; વળી લક્ષ્મણની મુર્છાયરે-સ૦
કુંભકર્ણ ઈંદ્રજીતને માર્યાં બહુ બળીઆ કુમાર;
જમાઈ ભસયા સઘળા રાવણનારે પછી રાય કરે વિચારરે-સ૦
અહીમહી મીત્ર પોતા તણાને તેડાવ્યા રાવણે સાર;
રામ લક્ષ્મણને ચોરી ગાયરે, મહીકાવતી નીરધારરે-સ૦
પ્રભાતે શોધ કીધી સેનામાંને, નવ દીઠા લક્ષ્મણ રામ.
સૈન્યા રોવા લાગી બધી રામનારે, રોવા લાગ્યા અષ્ટપ્રધાનરે-સ૦
હનુમાને પગલાં કહાડીયાંને, આવ્યા સમુદ્ર તીર;
મકરધ્વજને ત્યાં બાંધીઓરે એ તે ગયા છે પેલે પારરે-સ૦
દેવી દેરામાં પેસીને ત્યાં દેવી બન્યા તતખેવ;
રામ લક્ષ્મણ ત્યાં આવીયારે એમણે કીધી છે હનુમંત સેવરે-સ૦
મહીરાવણનું મોત સાંધીને તેને પણ માર્યો ઠાર;
તેની રાણીને વરદાન આપીયારે પછી આવ્યા તે લંકા મોઝાર-સ૦
લંકામાં યુદ્ધ કરીને છેદ્યાં રાવણનાં શીશ;
અસુરનો અંત આણીયોરે પછી હરખ પામ્યા જગદીશરે-સ૦
રાણી કીધી મંદોદરીને, આપ્યું વિભિષણને રાજ;
સીતા લઈ રામ સંચર્યાને, આવ્યા અયોધ્યા મોઝારરે-સ૦
માતાએ મોતીડે વધાવીયાને હઈડે હરખ ન માય;
મોતી કેરા ચોક પુરીઆરે, લીલા નૈતમ ત્યાં તો થાયરે-સ૦
છોડાવી અધરમ નગર તણાને, ટાળ્યા પ્રજાનાં દુઃખ;
લાડ પાવ્યાં માતા તણાંરે, હવલા રાખ્યા નવ દુઃખરે-સ૦
રૂડો ગરબો બજરંગી તણોને, વાંચો નિત્ય નરનાર,
હનુમંત કેરા પ્રતાપથીરે, છોટા કહે ઉતરો ભવપારરે-સ૦

—પંદર તિથિનો ગરબો—

સખી પડવે તે પંથે ચાલ્યારે, મહાવનના તે મારગ ઝાલ્યારે;
સાથે સીતા ને લક્ષ્મણ બાળા, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.
સખી બીજે મઢીમાં બીરાજેરે એવાં નદીઓ તણાં નીર ગાજેરે;
રામ મેલી ગયા રૂડું રાજ, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.
સખી ત્રીજે તે વન કેરી ઝાડીરે, દસ ફળ મંગાવે છે દહાડીરે;
સારી શોભે સીતાજીની વાડી, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.
સખી ચોથે કેવડીયો મહેકેરે, ફાલ્યો ફુલ્યો ને મોગરો લહેકેરે;
એવી લીલી લતાઓ લહેકેરે, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.
સખી પાંચમે પોપટ પાળ્યોરે, પાંખ લીલી ને કાંઠલો કાળોરે;
મુખે રામ ભણતો ભાળ્યો, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.
સખી છઠે છેતરવાને આવ્યોરે, કુડો કપટી રાવણ સાથે લાવ્યોરે;
એ મુખનો મરગ બનાવ્યો રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી સાતમે શ્રીહરી સમર્થરે, વાડી ભેળી ઉરાડયા છે ભમરારે;
ડુંખ સાહિને તાણ્યા છે ડમરા, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.
સખી આઠમે એને નીહાળ્યો, ધનુષ ધારીને મૃગલો માર્યોરે;
મૃગ મરતી વખતે પોકાર્યો, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી નોમે તે નાંખ્યો તીરરે, જઇ વાગ્યો છે મૃગને શરીરરે;
વારે ધાજો લક્ષ્મણ વીર રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી દશમે કહે લક્ષ્મણનેરે બેલી વીરો બોલાવે છે તમનેરે,
આડી આણ દીધી છે અમને રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી એકાદશી અજવાશીરે, લુંટ લેવાનો લાગ તપાસીરે;
રાવણ સીતાને લઇ ગયો નાશી, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.

સખી બારશે હનુમાન મળીયારે, થેકી સમુદ્ર પાર નિકળ્યારે;
જઇ જોગમાયાને મળીયા, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી તેરસે ત્રંબાળુ ગાજેરે, હાક હનુમાન કેરી વાગેરે;
લાય લંકા તે ગઢમાં લાગે, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી ચઉદશે ચિત વિચારીરે, ફોજ વાંદરાની રચી સારીરે;
રામે રાવણ નાંખ્યો મારી, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.
સખી પુનમે પ્રભુજી આવ્યારે, થાળ ભરી મોતીડે વધાવ્યારે;
માતા કઉશલ્યાને મન ભાવ્યા, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.
સખી પંદર તીથી પુરીરે, એમાં એક નથી અધુરીરે;
આત્મારામની વાણી મધુરી, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.

—શ્રી મહાકાળી માતાનો ગરબો—

મા તું પાવાની પટરાણી કે, કાળિ કાળકારે લોલ,
મા તારે ડુંગરડે ચડવું તે, અતિ ઘણું દોહલુંરે લોલ.
મા તારી પ્રદક્ષણા કરવી કે, વરણન શું કરૂરે લોલ,
વિશ્વામિત્ર તપ કરવા બેઠા કે, કેવળ મુની થયારે લોલ.
આવું રૂડું ચઉટું ચાંપાનેર કે, ચઉટે ચઉદ મળ્યારે લોલ,
ત્યાં કોઇ ગાતા તે ગરબા કે, માજી આવીયારે લોલ.
રાયે છેડલો સાહ્યો હાથ કે, માજી પ્રસન્ન થયારે લોલ.
માગ્ય માગ્ય ઘોડાની ઘોડાર કે, હાથી ઝુલતારે લોલ.
માગ્ય માગ્ય કુટુંબ કુસુળક્ષેમ કે, જંજાળ અતિ ઘણીરે લોલ,
માગ્ય માગ્ય ગુજરાત સરખી ગાદી કે, ભદર બેસણુંરે લોલ.
માગ્ય માગ્ય નવેખંડનાં રાજ્ય કે, ચંદ્ર સૂર્ય તપેરે લોલ,
માગુ માગુ એટલું વરદાન કે, મારે મોહોલે પધારીએરે લોલ.

ફુટ ફુટ પાવાના રાજન કે, એ શું માંગીયુંરે લોલ,
આજથી છઠેને છ માસે કે, મુળ તારૂં જશેરે લોલ.
એમ કહી માતા થયાં અલોપ કે, પાવો હાથ ઘસી રહ્યોરે લોલ,
મુગલે ચઢાવી છે ફોજ કે, પાવાગઢ ઘેરીયોરે લોલ.
દરવાજે ઉભા દરવાન કે, કોઇને પુછીયુંરે લોલ,
રાજાજીએ ખોદાવીયું તળાવ કે, પાણી નવ નિસર્યુંરે લોલ.
મુગલે ખોદાવીયું તળાવ કે, જળ દુધે ભર્યુંરે લોલ.
માજીનો આવો છે મહિમાય કે, કવિ નવ કહી શકેરે લોલ.

શ્રી વલ્લભકૃત.—બહુચરાજી માતાનો ગરબો—

બરદાળી બહુચર માત, જોવાને જઇએ.—ટેક.
જોવા જઇએ સુખીઆ થઇએ, આરાસુરમાં રહીએરે;
આપ આપણા મનની વિનતી, જઇ બહુચરને કહીએ-જોવા.
આરાસુરમાં અંબા બીરાજે પાવાગઢ મહાકાળીરે;
દક્ષિણમાં તુળજા ભવાની, ચુંવાળ બહુચર બાળી-જોવા.
માને પારે હવન થાય ને ચીર ચુંદડી હોમાયરે;
બ્રાહ્મણ બેઠા વેદ ભણે છે, માતુની મંગળ ગાયરે;-જોવા.
માને પારે જે કોઇ આવે, તેની પુરે આશરે;
કરજોડી જન વલ્લભ કહે મા, હું છું તારો દાસ-જોવા

મલાવરાવનો રાસડો.—રાગ ગરબો—

પીતળ લોટા જળે ભર્યારે, દાતણ કરતા જાઓરે મલાવરાવ;
શેહેરનો સુબો ક્યારે આવશેરે.........................ટેક.
દાતણ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ-શે૦
ચીની તે પ્યાલા તેલે ભર્યારે, મર્દન કરતા જાઓરે મલાવરાવ-શે૦

મર્દન કરશું વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ-શે૰
તાંબા તે કુંડીઓ જળે ભરીરે, નાવણુ કરતા જાવરે મલાવરાવ-શે૰
નહાવણુ કરશું વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ-શે૰
રાંધી રશોઇયે એમ રહીરે, ભોજન કરતા જાવરે મલાવરાવ-શે૰
ભોજન કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ-શે૰
પાન સોપારીને એલચીરે, મુખવાસ કરતા જાવરે મલાવરાવ-શે૰
મુખવાસ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ-શે૰
સોના તે કેરા સોગટારે, રમત રમતા જાઓરે મલાવરાવ-શે૰
રમત રમશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ-શે૰
દીચણુ સામો ઢોલીઓરે, પોઢણુ કરતા જાઓરે મલાવરાવ-શે૰
પોઢણુ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મલાવરાવ-શે૰
ક્યાંથી આવ્યા જાંગલારે માથે ટોપી ને ભુરો વેશરે મલાવરાવ-શે૰
રાણી રૂવે રંગ મહેલમાંરે, દાસીઓ રૂવે દરબારરે મલાવરાવ-શે૰
હાટે રૂવે હાટ વાણીઆરે ચોરે રૂવે ચારણુ ભાટરે મલાવરાવ-શે૰
શહેર છોડી સુબો નીસર્યોરે, લીધી નડીઆદની વાટરે મલાવરાવ-શે૰

—પંદર તીથિનો ગરબો—

પડવા, ની પણુ પ્રીત ગટમટ ભુલીરે,
મારા હરી વિના એક વાત સર્વે સુનીરે.
બીજે, બાળે વેશ રહી છું બાળીરે,
આ ઘરમાં કેમ રહેવાય વાગે તાળીરે.
ત્રીજે, ત્રીભોવનરાય મંદીર પધારોરે,
હરી આવોને આપણે ઘેર હેત વધારોરે.
ચોથે, ચંચળ નાર ચતુરાં ચાલેરે,

પેલો વડોદરાનો વઈદ દુઃખડાં ટાળેરે.
પાંચમ, ના પડદા હરી શું રાખ્યારે,
મારે પ્રેમરસ પીવા કાજ હરીરસ ચાખ્યારે.
છઠ્ઠે, છઠ્ઠીના લખીયા લેખ તે કેમ ટળશેરે,
મારે પેલા ભવની પ્રીત આવી મળશેરે.

સાતમ, ના સંતાપ હરી શું અમનેરે,
આ શું કહીએ માહારાજ લાજ નહી તમનેરે.
આઠમે, ઓછવો થાય હરી હોય હેલીરે,
મારે સોળ ગોપીઓનો સાથ રમવા ઘેલીરે
નોમે, નમેરા નાથ નગણા ન થઇએરે,
આ ગોકુળીયું ગામ મેલી મથુરાં ન જઇએરે.

દશમે, દીનરાત દેહ મારી દાઝેરે,
ઘેર નાવલીઓ રીસાય તે ઘણું સાલેરે.
એકાદશી, નાં વ્રત મારે કરવારે,
શ્રી જમુનાજીનાં ધ્યાન મારે ધરવારે.
દ્વાદશી, ને દહાડે દરશન દેજોરે,
મારા શામળીયા ભગવાન સન્મુખ રહેજોરે,
તેરશ, ના તો તંત અમારા તુટયારે,
આ હરી હરી કરતાં હોડ અમારા સુકયારે.
ચઉદશે, તો ચતુર નર શું વાહાયારે,
ઘેર રાધા સરખી નાર શું રીસાયારે.

પુનમે, પંદર તીથી થઈ પૂરી કહાવેરે,
મુને સેજડીએ સુતાં નીંદ્રા ના આવેરે.

શ્રી રાધિકાજીના કૃષ્ણ વીરહના મહિના.—રાગ ગરબી—

કહો સખી કારતક, કેમ જાશે, વનમાં મોરલી કોણ વાશે;
કે મહીનો કોણ દાણી થાશે—કે જમુના જાવા દો પાણી.
કે માગશરે, મન મારૂં મળીયું, કે વિષય ભાવ થકી ટળીયું;
કે જેમ લુણ પાણીમાં ભળીયું,............કે જમુના.
કે પોષે, સોસ પડયા અમને, વ્હાલા મારા શું કહીએ તમને;
કે દીલાસા દીધા છે અમને,..................કે જમુના.
કે માઘ, મકર તણે માટે; કે ફુલડીયાં વેરતી ખાટે;
કે વહાલાજી મારાં મથુરાંની વાટે,..............કે જમુના.
કે ફાગણે, ફર ફરે હોળી, કે આછા ચરણને ચોળી;
કે ચુંદડી કેશરમાં રોળી,.....................કે જમુના.
કે ચઇતરે, ચતુરા ચીત ધરતી, વહાલાજીના ગુણ ગાતી ફરતી;
કે તોયે મારે વહાલે કીધી નરતી,............કે જમુના.
કે વઇશાખે, વાયા વાવલીયા, કે ઘેર પધારો નાવલીયા;
કે દુધડે ધોઉં તમારા પાવલીયા,............કે જમુના.
કે જેઠે, જુગજીવન આવ્યા, કે સઉ લોક વધામણી લાવ્યા;
વહાલાજી મારા કશુંએ ના કાવ્યા...........કે જમુના.
અષાઢે અબળા થઇ ઝાંખી, વહાલે મારે ભરજોબન રાખી;
વિચારો હવે વાત થશે વાંકી,..............કે જમુના.
શ્રાવણ, સરવડીઓ વરસે, કે નીર નદીએ ઘણાં ઢળશે;
કે કોયલડી ટહુકલીઆ કરશે,.................કે જમુના.
ભાદરવો ભલી પેરે ગાજે, સઇયર ઘેર વલોણું વાજે;
તે તો મારા રૂદીયામાં દાજે,..................કે જમુના.

આસો, ની રજની અજવાળી, કે શેત ત્રણું કે સુંવાળી;
કે વહાલા વિના આ શી દીવાળી,...........કે જુમના.
કે રાધાના હાથે સોનાની ચુડી, રમતાં દીસે છે રૂડી;
દુઃખરે સરવે ગયાં છે બુડી,..................કે જુમના.

શ્રી ગોપીઓના મહિના—રાગ ગરબી—

કારતકે, કૃષ્ણ ગયા મેલી, મારા ઘેર આવો વનમાળી;
કુબજા કેમરે ગમે કાળી, આવો હરી રાસ રમો વહાલા.
માગસર, મારગડે રમતાં, ભેળાં બેસી ભોજનીયાં જમતાં;
હવે હરી કેમ નથી ગમતાં.................આવો હરી.
પોષે તો સોસ પડયા અમને, ત્રીકમજી શું કહીએ તમને;
દીલાસા ક્યારે દીધા અમને,.................આવો હરી.
માઘે, મહા અંધારી રાત્યો, ફુલડાંએ બીછાવી ખાટયો;
વહાલે લીધી મથુરાંની વાટયો,...............આવો હરી.
ફાગણે, ફર ફરે હોળી, પહેરણ ચરણાંને ચોળી;
ચુંદડી મારી કેશરમાં રોળી,..............આવો હરી.
ચઈતરે, ચિત્ત કરે ચાળા, મધુવન મોરલીઓવાળા;
દરશન દો ડાકોર તીરથવાળા...............આવો હરી.
વઈશાખે, વાટલડી જોતી, ઉભી રહી ધુશકડે રોતી;
પાલવડે આંસુડાં લોતી,....................આવો હરી.
જેઠે, જગજીવન આવે, વધામણી સહુ લોકો લાવે;
વહાલો મારો કયુંએ નવ ફાવે,.............આવો હરી.
અષાઢે, અબળા રહી ઝાંખી, વહાલે મારે ભરજોબન રાખી;
વિચારો તે વાત થશે વાંકી,... ... .આવો હરી.

શ્રાવણ, તો સરવડીઓ વરસે, નદીએ નીર ઘણાં ઢળશે;
વહાલો મ્હારો શી રીતે ઉતરશે,... ... ...આવો હરી.
ભાદરવો, ભલીપેરે ગાજે, વહાલા થઇ વિહવળ તમ કાજે;
વહાલો મારો જરીએ ના લાજે,... ....આવો હરી.
આસો માસે આવી દીવાળી, શેવો વણું કે સુંવાળી;
વહાલા વિના આ શી દીવાળી...... ......આવો હરી.

દાણલીલા.—શ્રી રાધાકૃષ્ણનાં સંવાદ રૂપે—

રાધા—પાલવડો મેલો મોહનજી મારગડે મને જાવા દો;
આવતા આપીશ દાણ તમારૂં, મહી મારૂં વેચાવા દો.
શ્રીકૃષ્ણ-વેચતાં તને કોણ ખાળે છે, સાભળને રાધે પ્યારી;
મહી ગોરસનું દાણજ દોની, વહેલી થાને વૃજનારી
રાધા—નારીને તું ના બોલાવીશ છાનો રહેને છોગાળા
કઠણ રાજ છે કંસરાયનું ગઉ ચારી ખા ગોવાળા.
શ્રીકૃષ્ણ-હું ગોવાળીઓ તું ગોવાલણ, ફરી અમેતો આવજે.
કંસ સરિખા સો હીમાયતી, સાથે તેડી લાવજે,
રાધા—તેડી લાવું તો મુજને જાવા રોકી રહ્યા શીદ વ્રજનારી;
રઘુનાથના સ્વામી સામળીઆ ચેલા દીસો છો ગીરધારી.
શ્રીકૃષ્ણ-ચેલો છું પણ દાણ ન મુકું દોકલડો એકે ઓછો,
ગીરધારીએ ગોકુળ વાર્યુ ઇંદ્ર કરતા હું મોટો;
રાધા—મોટો છું ત્યારે મથુરાંથી અરધી રાતે શું આવ્યો;
પર ઘેર રહીને પેટ ભરતો તને દાણી કોણે ક્હાવ્યો.
શ્રીકૃષ્ણ-વાંકા બોલી વાર કરે છે, કે'તો હૈયાનો હાર તોડું;
દાણ દહીંનું દેરે અબળા નહી તો માથાનું માટ ફોડું.

રાધા—હાર નહી તુટે માટ નહી ફુટે, ન્યાય નગરમાં પુછાશે;
રઘુનાથના સ્વામી શામળીઆ; કહો ગોકુળ કેમ રહેવાશે.
શ્રીકૃષ્ણ—ગોકુળ રહો કે જાઓ અત્યારે, દાણ દધીનું નહી મેલું,
ચીર હર્યાં તે ગયાં વીસરી, કામનીઓ કારણ પેલું.
રાધા—નંદતણે ઘેર નવ લાખ ગાયો, તો'તું તે ધન ફાવ્યું છે;
માતા તારી મહી વેચતી; હમણાં તો રાજ્ય આવ્યું છે,
શ્રીકૃષ્ણ—હમણાં હમણાં કરતી રહેજે, મેંણાં દેતી મદધારી;
ધુતપણામાં તું ધુતારી, ઠગપણમાં છું ઠગનારી.
રાધા—તું ઠગારો તારી માનો પાળેલો તું માને મેણાં દેવરાવે
રૂપનાથના સ્વામી શામળીઆ, ઝાઝું તે શું કહેવરાવે.
શ્રીકૃષ્ણ—કહ્યા પ્રમાણે લેતો નથી, પણ તું મોઢું ના રાખે
અમો છીએ રાજા મહારાજા, અમને તું કેમ ના સાંખે
રાધા—ઓળખુ છું તું આવ્યો નાસી, મહા વનમાં તું છાનો છું.
જાદવકુળ મધે જન્મ છે તારો, નંદતણે ઘેર નાનો છું.
શ્રીકૃષ્ણ—માતા જસોદા વડી વડભાગી, તેના છીએ અમો અધીકારી
મોટા મુનીવર મર્મ ન જાણે, ગોકુળ વસીએ ગઉચારી.
રાધા—ગઉચારી ગોપી ઘેર વળતાં અમને તમે ઓધારયાં;
રૂપનાથના સ્વામી શામળીઆં, તમે જીત્યા અમે હારયા.

દાણલીલા-બીજી.—રાગ ગરબો—

રાધા—તમે અજાણ્યા અમે જાણીએરે,
મારો પાલવડો નવ તાણીએરે;
તમે સમજી રહો મનમાંયરે
શામળીઆ વહાલા રહો વેગળારે,—તમે વહાલા રહો.

શ્રીકૃષ્ણ-નારી શું સમજાવે મુજનેરે,
હું તો નહિરે જાવા દેઉં તુજનેરે;
તારી મરડીને રાખીશ બાંયરે;
મહીયારી રાધા દો દાણુશુરે.—મહીયારી૦
રાધા—અલ્યા બાળ શું મરડીસ વીકલારે,
મેં તે તુજ સરીખા ઘણા દીકલારે
ઉપરૂ છે કંસનું રાજરે.
શામળીઆ વહાલા રહો વેગળારે,—તમે વહાલા રહો૦
શ્રીકૃષ્ણ-નારી કંસ થકી શું થાય છેરે,
એવા કંઇક આવે ને કંઇક જાયછેરે;
તારા ઉરના ઉતારીશ હારરે.
મહીયારી રાધા દો દાણુશુરે,—મહીયારી૦
રાધા—અલ્યા હાર હઇયાનો તુટશેરે.
મારી મહીની મટુકી ફુટશેરે;
ઘેર સાસુડી દેશે ગાળરે. શામળીઆ વહાલા રહો વેગળારે
શ્રીકૃષ્ણ-નારી ગાળને આળ નહી ચડેરે,
જેનું લેણું હોય તે તો લડેરે;
એવાં દાણુ મેલ્યાં કેમ જાયરે.—મહીયારી૦
રાધા—અલ્યા દાણી તે કંહીનો કાવીયોરે,
મથુરાથી ગોકુળ આવીયોરે;
ચારી નંદતણે ઘેર ગાયરે,—શામળીઆ.
શ્રીકૃષ્ણ-નારી ગાય ચાર્યામાં શી લાજ છેરે,
એ તો પોતપોતાનું કાજ છેરે;
એમાં મેણુલીઆં નવ હોયરે.—મહીયારી૦

રાધા—અલ્યા મેણાં માણસને લાગે ઘણાંરે;
સુણો વદતાં જ્યારે બે જણાંરે;
તને નીલંજને નહિ લાજરે.—શામળીયા.

શ્રીકૃષ્ણ-નારી લાજે તે કાજ નહી સરેરે,
અહીયાં બીક તે તું કોની ધરેરે;
આવ મળીયે આપણ જણ બેયરે.—મહીયારી૦

રાધા—એવું નીલંજ મા બોલો શામળારે,
તારા ઉરના ઉતારીશ આંબળારે
મુકો મુકોને મારો હાથરે.—શામળીઆ૦

શ્રીકૃષ્ણ-નારી હાથ ન મેલું તાહરોરે;
અહીયાં અમલ ચાલે છે માહરોરે;
માટે દાણના દોકડા મેલરે.—મહીયારી

રાધા—અલ્યા નંદબાવાનો તું છોકરોરે,
તારી પાસે નથી પૈસો રોકડોરે;
અલ્યા આવડો મચ્છર કેમ હોયરે.—શામળીયા૦

શ્રીકૃષ્ણ-નારી ભખુભાણની તું છોકરીરે,
તારી પાસે નથી પાઇ રોકડીરે;
આવડો કેમ અભીમાન હોયરે—મહીયારી૦

રાધા—હું તો વિનતી કરું છું ક્યારનીરે,
સ્વામી રૂગનાથના હારી તમ થકીરે;
મહીનું તેં દાણ ન હોયરે.—શામળીઆ૦

શ્રીકૃષ્ણ ગોપીની દાણલીલા.—રાગ ગરબી—

ગોપી—અલ્યા કહાનજી તું ક્યાં ઘેલો થયો જો,
તું તો શેનું માગે છે દાણ જો;
મહીની મટુકી મારી ફુટશે જો;
ગોરસની થાશે હાણજો.-ઘેલું શું બોલે ગોવાળીઆજો.
અલ્યા નવ જાણીશ કોઈ બાપડી જો,
કોઈ મળશે માથા ફેરી નારજો;
મારગ મુકીને રહેને વેગળો જો,
રાજા કંસને થાશે જાણ જો.—ઘેલું શું બોલે૦
શ્રીકૃષ્ણ-તારો કંસ કબુદ્ધિ નર શું કરે જો,
મારી સંગે છે સઘળો સાથ જો;
અલી દા'ડી તે દાણ ચોરી જતી જો;
ઘણે દહાડે આવી મારે હાથજો-ઓછી તું જાત આહીરનીજો
ગોપી—અલ્યા હાથની તે હોંશ રખે રાખતો જો,
હાથે તો ચારી જાણે ગાય જો;
પાલવ મુકીને રહે વેગળો જો,
મારી વ્રિજમાં થાશે હાણજો.—ઘેલું શું બોલે.
કૃષ્ણ—અલી વ્રિજમાં વશીને વેર વાળશું જો;
રખે રાખતી હઇયામાં હામજો,
નંદજીના નામ પ્રતાપથી જો,
હું તો છેદુ તારા કંસનો ઠામજો.—ઓછી તું જાત.
ગોપી—અલ્યા કંસે કર્યું તે કેમ વિસરેજો,
ભાઈ હણ્યા પોતાના ત્યાંયજો;

નાશીને છુટયો લાડકા જો,
આવી ઉછર્યો છે વ્રજમાંયજો.—ઘેલું શું બોલે.

કૃષ્ણ—વળી વ્રજમાં વશીને વેર વાળશું જો.
તું તો જોજે અમારાં કામજો;
અવનીનો ભાર ઉતારવાજો,
ધર્યું નંદકુંવર રૂડું નામજો.—ઓછી તું જાત.

ગોપી—અલ્યા સાચું કહેતામાં દુઃખ લાગશેજો,
પેટ માટે ચારે છે ગાયજો;
તું આવડો મોટો એમાં થયો જો,
તુને કોઇએ ન આપી કન્યાયજો.—ઘેલું શું બોલે.

કૃષ્ણ—અલી આહીરની કન્યા અમો શું કરં જો
અમો સદા કહેવાઇએ બ્રહ્મચારીજો;
રખે પડછાયો મુને પાડતીજો,
તું તો ધાબળીની ઓઢનારજો.—ઓછી તું જાત.

ગોપી—અલ્યા લાખ ટકાની મારી લોબડીજો.
હીરા જડીત મારો છે હારજો;
આછી પટોળી મારી પેહેરણું જો.
તું તો કામળીનો ઓઢનારજો.—ઘેલું શું બોલે.

કૃષ્ણ—જેનો બ્રહ્માએ તાણો તાણ્યો જો;
એનો શંકર સરખો વણનારજો;
તેરે ઓઢણું મારે કામળીજો,
તેનો શેષ ન પામે પારજો.—ઓછી તું જાત.

ગોપી—અલ્યા શેષ સરખું તન તાહરૂંજો
અમો ચંપક વરણી નારજો,
અલ્યા કાયા કનકને વેર વાધીયુંજો.
તું તો પશુ તણો પીંઢારજો—વેલું શું બોલે.
કૃષ્ણ—તું શાને નીસરી મહી વેચવાજો,
અલી બેસી રહેને ઘરમાયજો;
દોલત ઘણી છે તારા બાપનેજો.
તું શાને આવી અહીંયાંય જો—ઓછી તું જાત.
ગોપી—આ વાટે સદા મહી વેચતાંજો,
જઇ પુછો જસોદા માયજો
બાંધી મુકી સત્રા લાખની જો;
ઉઘાડીએ તો પત જાયજો—વેલું શું બોલે
કૃષ્ણ—અલી ઘણી ઇચ્છા છે મહી ચાખવાજો,
મીઠી મેળવણીનો સ્વાદજો;
ફીકું પડશે તો પાછું આપશુંજો,
તું શાને કરે વિવાદજો—ઓછી તું જાત.
ગોપી—અલ્યા ગોરસ કેરૂં કોણ ગજુ જો.
જેટલું પીએ તેટલું પાતજો;
વચને વેર વાધ્યું ઘણુંજો,
કદી મન મેળાવો થાતજો—વેલું શું બોલે.
કૃષ્ણ—અમે દાણને માટે શું દુભીએજો,
તું તો દાસી દીસે છે રીસાળજો.
હસીને તાળી લે હાથમાંજો,
તું પ્રીત ધરીને રસ આલજો—ઓછી તું જાત.

ગોપી—અલ્યા માગ્યાં મુક્તાફળ પામીએજો,
હઠ કરે કંઈ નહી હોય જો;
લાજ નહીં તુને લાકડાજો,
મન આણુને કંઈ વિવેકજો—ઘેલું શું બોલે.

કૃષ્ણ—અલી વિવેક ઘણો છે મન માહરેજો,
જવા નહીં દેઉં નિરધારજો;
આપ્યા વિના કેમ છુટશો જો,
તારા મનમાં શું તું વિચારજો—ઓછી તું જાત.

ગોપી—તારા મનનો વિચાર મેં જાણીયેજો,
હઠ શાને કરો છો આંયજો;
મનમાં મન મળી ગયું જો,
જેમ સાકર ભળે દુધ માંયજો—ઘેલું શું બોલે.

કૃષ્ણ—મીઠાં વચન તારાં માનુની જો,
સાકર સરખા બોલ જો;
પ્રીતીનો ખાંગો તુંજ પાસ છું જો,
આ આપું તમોને કોલ જો—ઓછી તું જાત.

ગોપી—શઠ ભાગીને રસ આપીગો જો,
ગોવાલણી લાગી પાય જો;
નંદજીના કુંવર કૃપાળને જો,
ઉલટ તો અંગે ન માય જો.—ઘેલું શું બોલે.

જે કોઈ ગાય શીખેને સાંભળે જો,
તે ફરી ન આવે ગર્ભવાસ જો,
દાણલીલા દીનાનાથની જો,
ગુણ ગાય રતનીયો દાસ જો.—ઘેલું શું બોલે.

દાણલીલાની સાખીઓ. (શ્રી.રાધા કૃષ્ણ સંવાદ)

ક્રુ-હુંચીને અલબેલડી રાધે, સાંભળ કહું તે વાત;
વૃંદાવનને મારગે જાતાં, કોણ છે તારી સાથ.
ઉભીરે ખિજની નારીરે, પુછું પરણી કે કુંવારીરે
આંજ્યાં વિના આંખડી કાળીરે, બાજુબંધ બેરખાવાળીરે.
—સાથ વાળી તેને ઘેર બેઠી, તારે શી પડપુછ.
મારગ મુકી રહે વેગળો, તારે મોઢે નથી મુછ.
ચાલ્યો જા પાંસરી વાટેરે, સાંખુ નંદરાયને માટેરે;
તું તો ક્યાંનો કાનુડો દાણીરે, પાઉં તને પાંડદે પાણીરે
—શી છે તારી જાતડી, કીયું છે તારૂં ગામ;
કોણ છે તારા માત પીતા ને શું છે તારૂં નામ—ઉભી.
ા—આહીરની અમો જાતડી, ગોકુળ મારૂં ગામ;
બ્રખુભાણુની હું બેટડી રાણી રાધા છે મારૂં નામ-ચાલ્યો
ૃ—બોલતી નો' તી તે બોલવા શીખી, આવડુ બોલી આજ
વંદ્રાવનમાં નીત્ય ફરે છે, તુજને તે શી લાજ—ઉભી.
ા—લાજવાળા છો તે હું જાણું, ઢાંકી રાખો આપ;
વૃંદ્રાવનનો મારગ રોકી, નીત્ય તપાસો લાગ—ચા૦
ૃ—ઝાઝાં રાખો મેંઢકાં ગોપી, ઝાઝી રાખે ગાય;
છાશ પીને મોટી થઇ, ભરવાડાની જાત કહેવાય—ઉભી
ા—ગોકુળથી આવી ગોવાલણી, મથુરાંથી આવ્યો કહાન;
મારગમાં એકઠાં થયાં, તું શેનું માગે છે દાણ—ચા૦
ૃ—ગોકુળની ગોવાલણી, મથુરાંને મારગ જાય;
આડો આંન ફરી વળ્યો, તારો પ્રિતે પાલવ સાય—ઉભી.
ા—હું બેટી બ્રખુભાણુની, રાણી રાધા મારૂં નામ;

દાણુ લેવાની ઇચ્છા હોય તો, આવજે ગોકુળ ગામ—ચા.
કૃષ્ણ—નંદબાવાનો હું નાનડીઓ, કહાનજી નામ પ્રમાણ;
દાણુ લીધા વિના જાવા દઉં તો, નંદબાવાનીઆણુ—ઉભી.
રાધા—આણુ તો માનું એક કંસની, બીજી ન માનુ કોય;
નવ નંદ મારે નેસડે વસે, તારો નંદ તો કોણુજ હોય
કૃષ્ણ—કંસ તે તારો કોણુ છે, મેં વશ કીધો સઉ ઠામ;
સંભાળીને બોલજ રાધા, શુદ્ધ ગઇ કે સાન—ઉભી.
રાધા—શુદ્ધ ગઇ નથી માહરી, તારી ગઇ જેમ હોય;
સાંભળ છઇબા નંદના, તારે મન વિચારી જોય—ચાલો,
કૃષ્ણ—મનમાં શું વિચારે રાધા, દાણુ લેવાનો સહી;
તારી માને શુ કહીગે, તને વેચવા મોકલી અહીં—ઉભી
રાધા—આવોને ગોપીના વહાલા, સાંભળો કહું તે વેણુ;
તારી માને શું કહીએ, તારી પાસે ચરાવે ધેન—ચા.
કૃષ્ણ—બોલીતી નો'તી તે બોલવા શીખી, આવડું બોલી આજ,
વંદ્રાવનમાં નીત્ય ફરે છે, તુજને તે શી લાજ—ઉભી૦
રાધા—લાજવાળા છો તે હું જાણું, ઢાંકી રાખો આપ;
વંદ્રાવનનો મારગ રોકી, નીત્ય તપાસો લાગ—ચા૦
કૃષ્ણ—આઝાં રાખો મેદકા ગોપી, ઝઝી રાખે ગાય;
છાશ પીને મોટી થઇ, ભરવાડની જાત કહેવાય—ઉભી.
રાધા—ગોકુળથી આવી ગોવાલણી, મથુરાંથી આવ્યો કહાન;
મારગમાં એકઠાં થયાં, તું શેનું માગે દાણુ—ચા૦
કૃષ્ણ—ગોકુળની ગોવાલણી, મથુરાંને મારગ જાય;
આડો કા'ન ફરી વળ્યો, તારો પ્રિતે પાલવ સાય—ઉભી.

ા—સંધ્યાકાળે તું શું બતાવે, સાંભળ કાળા કાન;
મહી વેચીને આવતાં, આપીશ તારૂં દાણ.—ચા૦
યુ—તું રંગીલી રૂપની રૂડી, હું છબીલો કાન;
મહી ખપે કે ના ખપે, તુ આપને મારા દાણ.—ઉભી
ા—મહીનાં દાણ ના હોય મોહન, મનમાં સમજો પેર;
મહી પીવાનો ખપ હોય તો, આવજો મારે ઘેર—ચા.
યુ—કયારની તે મેણાં દઇને, કીધાં અદકાં વેર;
હેત કરી હવે આપવા આવે, એ લાગે કડવાં ઝેર.—ઉ.
ા—કહો તો હરી ઘેરથી લાવું, કહો તો પાઉં આંય;
હિમાના સ્વામી શામળા, તમે મનમાં ન લાવશો કાંઇ—ચા.

રાજીનો રાસ—રાગ ગરબો—

ા કૃષ્ણ જોયાના કોડ, સર્વેયર ચાલોરે .. ..
ીઆજીને લાગુ પાય, હરિવર આલોરે... ... ...
દેરે દીવા કરૂં રે, પુજુ શંકર દેવ .. ..
મળીઓ વર પામવારે, હું તો કરૂં શંભુજીની સેવ—સ.
કુળની ગોવાલણીરે, હીંડે મલપતી ચાલ... ... ...
ના ઉપર મોહન મોહી રહ્યારે એનું મુખડું તે લાલગુલાલ—સ.
સુ મારી જસોમતીરે, સસરો શ્રી નંદરાય ... .
ર કોડીલો મારો કાનજીરે, મારૂં સાસરૂં ગોકુળ ગામ—સ.
ાન્દ્રીને કાંઠેરે, નહાતાં તે નીમંળ નીર.........
ન તે વીઠલો હરી ગયોરે, હું તો શેણેરે ઢાંકુ શરીર—સ.
ા શીખેને સાંભળેરે, રાણી રાધાજીનો રાસ.........
ારી વઇકુંઠ પામસેરે, ગુણ ગાય નરસઇયો દાસ—સ.

—:સતી સાવિત્રી ચરિત્રનો ગરબો:—

કવિ—રૂડા અશ્વપતિ રાજાની ડાહી દીકરીરે,
જેનું સતી શિરોમણિ સાવિત્રી છે નામ;
જેણે સ્વામીને છોડાવ્યો યમપાશથીરે,
જેણે સકળ જગતમાં અમ્મર કીધું નામ,
તેના ઉત્તમ ગુણની ગરબી ગાઓ સુંદરીરે.
રાજા એક હતો ઘરડો ને આંખે આંધળોરે,
તેનું શત્રુએ લઇ લીધું રાજ્યાસન,
તેથી જંગલમાં જઇ બાંધ્યું તેણે એક ઝુંપડું રે;
તેને સત્યવાન નામે લાડકડો તન,
તે તો કરતો માતપિતાની પુરા પ્રેમથીરે.
જેની કંચનવરણી કાયા વાણી મીઠડીરે,
મીઠા મહેરામણના જેવો ગુણ ગંભીર,—
ઘરડાં અંધ પિતામાતાની જાણે લાકડીરે;
રે'તો માતપિતાની આજ્ઞાને આધીન.
તેની સાથે વરવા સાવિત્રીએ આદર્યુ રે,

નારદ—ત્યાં તો નારદજી સમજાવે બાળા ઘેલડીરે,
એની સાથે વરતાં થાશે મોટી હાણ,
એનો આવરદા તો એક વર્ષ બાકી રહ્યોરે;
માટે ન કરતી તું વગર વિચાર્યું કામ.
બીજા રાજકુંવર રૂપાળાની સાથે વરોરે,—

સાવિત્રી-ત્યારે સાવિત્રી બોલી નારદજી સાંભળોરે,

લખિયા લેખ લલાટે મિથ્યા નહિ થાનાર.
મ્હેં તો મનથી માન્યો તે પરમેશ્વર માહરોરે;—
મ્હારો નિશ્ચય કોટી કલ્પે નહિ ફરનાર,
માટે એ વરની સાથે સમપણ મારૂં કરોરે.

—જોઈ અડગપણું પુત્રીનું રાજાએ પછીરે;
દીધું સત્યવાનની સાથે કન્યાદાન,
રૂડા રાજ્યમહેલની વસનારી વગડે વસીરે,
ત્યાગી અંબર જુનાં વસ્ત્ર કર્યાં પરિધાન,
સ્નેહે સ્વામી સસરા સાસુની સેવા સજીરે—
જેણે કઠણ ભૂમિપર પાય કદી દીધો નથીરે,
જેના પડતા બોલ ઉપાડતાં દાસી દાસ,
જેની કોમળ કાયા ફુલ શૈયાપર લોટતીરે;
તેણે પર્ણકુટીમાં પ્રેમે કીધો વાસ,
મનથી માન્યું મારા વૈભવમાં બાકી નથીરે.—
ત્યાં તો જળના રેલાસમ દિવસે જાતા હતારે;
બાળા નારદજીનાં વચન કરતી યાદ,
મનમાં ભય ધરતી—નવ કરતી કોને વારતારે;
મનથી ગોઠવતી શું કરવા તેના ઘાટ.
રજની દિવસ વિચારો એના—એ—મનમાં થતારે,
દા'ડા ચાર રહ્યા આવરદાની અવધી તણારે.
સતીયે તે સમયે ત્યાં અન્ન જળ કીધું ત્યાગ,
જોડયું ચિત્ત પ્રભુમાં ધારીને શુભ ધારણારે;
સોંપ્યું શ્રીહરિના ચરણે પોતાનું ભાગ્ય,—

સાવિત્રી—મારી વ્હારે ચડજો હે દિનબંધુ શામળારે.
જાણ્યું સાસુ સસરે વહુઅર સંકટ વેઠતીરે,
સાસુ, સસરા—શાને માટે કરતી અન્ન ઉદકનો ત્યાગ;
શાણી શા માટે તું કારણ કંઈ કહેતી નથીરે;
કષ્ટે કરમાશે કોમળ આ ત્હારી કાય,
વહુઅર આ વયમાં વ્રત કરવાં યોગ્ય તને નથીરે.
કવિ—દુખમાં દા'ડા ચાર વિતાવ્યા વ્રત વિધિએ કરીરે,
આવ્યો સ્વામી સ્વર્ગ સિધાવા કેરો દિન;
સાવિત્રી—આજે ના થાઉં અળગી હું મારા નાથથીરે;
કવિ—એવો નિશ્ચય કીધો સાવિત્રીએ મન,
સ્વામી સંગે રે'વા તૈયારી છાની કરીરે.
ત્યાં તો સત્યવાન માબાપ ચરણે નમેરે,
કરમાં લઈ કો'વાડો કાષ્ટ કાપવા જાય,
ત્યારે સાવિત્રી સ્વામીને છાની વિનવેરે;
સાવિત્રી—આજે વન જોવાની મુજને ઇચ્છા થાય.
માટે સંગાથે લઈ જાઓ સ્વામી મુજનેરે.
સત્યવાન—ઘેલી નારી ત્હારી છે કોમળ કાયા ઘણીરે,
ત્હારી કનકલતા સરખી કાન્તિ કરમાય,
વ્હાલી વગડામાં ઝાઝા કંટક ને કાંકરારે;
ત્હારી પંકજ સરખી પગ પાની છોલાય,
માટે હઠ મેલી અળખેલી ઘરમાંહી રહોરે.
સાવિત્રી—સ્વામી તમ સંગાથે જંગલ મંગળ લાગતુંરે,
ઘરમાં તમ વિણુ મુજને ધરતી ખાવા ધાય,

હું તો પગલે પગલે પંથે તમ પુંઠે રહુંરે;
મુજથી આપ વિના એકલડી નહિ રહેવાય,
માટે સંગાથે લઇ જાઓ સ્વામી મુજનેરે.
સત્યવાન—નારી જો મુજ સંગે આવ્યાની ઇચ્છા કરોરે,
આજ્ઞા માગો જઇને માતપિતાની પાસ,
આજ્ઞા આપે તો ચતુર ચાલો મુજ સંગમાંરે;
વ્હાલી વડીલ જનોની આજ્ઞા નવ લોપાય,
લખ્યું શાસ્ત્ર પુરાણે જાણોછો સરવે તમોરે.
કવિ—આજ્ઞા માગીને ચાલ્યાં આનંદે દંપતીરે.
પંથે કરતાં પ્રેમે વિધવિધ વાત વિચાર,
મુખ મલકાવે પણ સાવિત્રીને ચિન્તા અતીરે,
રાખે પળ પળ પોતે સ્વામીની સંભાળ,
મનમાં ધીરજને ધારે સંભારે શ્રીહરિરે.

... ...

આવ્યાં ગાઢા વનમાં નરનારી બે સાથમાંરે,
વીણ્યાં ફુલ અને ફળ ઇચ્છાની અનુસાર.

... ...

વળતી કો'વાડો લીધો પોતાના હાથમાંરે;
લાગ્યો કાષ્ટ કાપવા સત્યવાન તે વાર,
એનો અરધ તો તે સમયે પુરો થયોરે.
લાગ્યો થાક પતિને આમ લાગ્યું મુંઝવારે,
આવી તરમરને રૂંધાયો તેનો પ્રાણ,
મુકી કાષ્ટ કાપવાં આવ્યો સતિની કનેરે

... ...

સત્યવાન-વ્હાલી ઓચિન્તી આવે છે તનમાં તાણ;
શાણી નહિ સમજાતું દુઃખ થાતું મ્હનેરે.
સાવિત્રી-મારા નાથ તમારાં સંકટ હરજો શ્રીહરીરે,
તમને કુળદેવી વનદેવીની રક્ષાય,
ઘરડાં માતપિતાની સેવાના પુણ્યે કરીરે,
વ્હારે આવીને વિશ્વેશ્વર કરશે સ્હાય,
કવિ—એવું કહીને બેઠી મસ્તક ખોળામાં ધરીરે,
ત્યાં તો યમરાજા આવી સામા ઊભા રહ્યારે !!!
જેના વસ્ત્ર તણો દીસે છે રાતો રંગ,
જેને માથે છે મુગટ ને કુંડળ કાનમાંરે,
દેખી સાવિત્રીની કાયાયે ઉપજ્યો કંપ
તો પણ ધીરજને ધારી બોલી તે સુંદરીરે,
સાવિત્રી-કે'છે સાવિત્ર છો કોણ તમો સાચું કહોરે,
નક્કી લાગો છો મુજને દેવ તણા અવતાર,
આવ્યા શા માટે ને શું કરવા મનમાં ચહોરે;
મારા મનમાં શંકા થાયે અપરંપાર,
કવિ—એવું બોલી શિર નમાવી સાવિત્રી રહીરે.
યમરાજ—હું તો છું યમરાજા સાંભળ ઓ શાણી સતીરે !
આવ્યો છું ત્હારા સ્વામીને લેવા કાજ,
એના આવરદાની આજ અવધ પૂરી થતીરે;
ત્હારા સ્વામી પરનો સ્નેહ હવે વિસાર.
કવિ—નાંખી પાશ પકડિયો સૂક્ષ્મ દેહ એવું કહીરે,
દેખી બંધાયેલા સ્વામી કેરા દેહનેરે;
સતીએ તે સમયે કરવા માંડયું કલ્પાંત.
સાવિત્રી-બાંધીને ક્યાં લઇ જાઓ છો મારા નાથનેરે;

કવિ—એવું કહીને દીધો યમરાજાને સાદ,
ચાલી પડછાયાની પેરે પાછળ સુંદરીરે.
યમરાજા–બોલ્યા ત્યાં યમરાજા, સાંભળ હે શાણી સતીરે,
જા તું પાછી ત્હારા આશ્રમમાં આવાર,
ત્હારા સ્વામીની કર અંતક્રિયા વિધિએ કરીરે,
જેથી થાયે તેના જીવ તણો ઉદ્ધાર,
નારી નાહક શ્રમ કરવાથી ફળ કશું એ નથીરે.
સાવિત્રી–બોલી સાવિત્રી સૂણો યમરાજા વિનતીરે,
મ્હારા નાથ વિના હું પાછી નહિ ફરનાર,
જ્યાં લઇ જાશો ત્યાં આવું પણ સંગ તજું નહીરે;
સ્વામી વિના છે સૂનો સઘળો સંસાર,
જાતાં એકલડી ઘર જીવ્યાથી મરવું ભલુંરે,
પૂછું યમરાજ હું ઉત્તર આપો મૂજનેરે;
જગમાં નરનારીનો સત્ય સંબંધ મનાય,
પણ જો બાંધીને લઇ જાશો મ્હારા નાથનેરે;
મ્હારો પતિવ્રતાનો ધર્મ કેમ સચવાય,
તેનો ઉત્તર આપીને વળતી ડગલું ભરોરે ?
યમરાજ–શાણી અમૃત સરખી વાણી ત્હારી સાંભળીરે,
મ્હારા અંતરમાંહી ઉપજે છે અનુરાગ,
ત્હારી ઇચ્છામાંહી આવે એવું આ સુંદરીરે;
ત્હારા સ્વામીના જીવિત વિન બીજું માગ,
ત્હારી ઇચ્છા પૂરણ કરવા હું ઉભો અહીરે.
સાવિત્રી–મ્હારા સસરા છે ઘરડા ને આંખે આંધળારે,
ત્હેની રત્નસમી એ આંખો સારી થાય,

આવે તેજ સુરજના સરખું બન્ને આંખમાંરે;
અંગે વૃદ્ધપણાનું દુઃખ કદી નવ થાય.
કવિ—એવું બોલીને સાવિત્રી કર જોડી રહીરે,
યમરાજ—ત્હારા સસરાની આંખો નારી સારી થશેરે,
વધશે સૂરજના સરખું આંખોનું નૂર,
ત્હેની વૃદ્ધપણાની પીડા સઘળી વામશેરે;
માટે જા પાછી પુત્રી આવી બહુ દુર,
ઝાઝુ ચાલ્યાથી એ શાણી શ્રમ તુજને થશેરે.
સાવિત્રી-બોલી સાવિત્રી કર જોડી યમરાજા સુણોરે,
મ્હારે વસવું જોઇએ સદાય સ્વામી પાસ,
મુજને શ્રમ નવ લાગે સ્વામી સંગે આવતારે,
સ્વામીથી દુર વસતાં તનમાં પ્રગટે ત્રાસ,
જગમાં નાથ વિના નારીનું જીવ્યું ધીક છેરે,
તમને જોતાં યમરાજા શ્રદ્ધા મુજને થતીરે,
મ્હારા મનમાં ઇચ્છા પ્રશ્ન કર્યાની થાય.
શાણાઓ કે'છે કરવી સજ્જનની સંગતીરે,
તે તો પૂર્વ જન્મના પુણ્યેથી બંધાય,
સજ્જનની સંગતીનું ફળ મિથ્યા જાતું નથીરે.
યમરાજ—પુત્રી વાણી ત્હારી અમૃત સરખી લાગતીરે,
મ્હારા અંતરમાં ઉપજાવે છે અનુરાગ.
ત્હારા સ્વામીના જીવિત વિના બીજું ફરીરે,
મ્હારી પાસેથી પુત્રી મનગમતું માગ,
ત્હારી ઇચ્છા પૂરણ કરવા હું ઉભો અહીંરે.

સાવિત્રી–મ્હારા સસરાજીનું રાજ્ય દબાવ્યું દુશ્મનેરે,
તેથી કીધો છે વગડામાં આવી વાસ.
તેનું રાજ્ય ગયેલું સરવે પાછું સાંપડેરે;
નિત્યે ધર્મ રહે અંતરમાં પુરી વાસ,
કવિ—એવુ બોલીને સાવિત્રી કર જોડી રહીરે,
યમરાજ–પુત્રી સસરા ત્હારા રાજ્ય ગએલું પામશેરે,
મળશે મનગમતા વૈભવ ઓ શાણી નાર,
ત્હેની ધર્મ વિશે દૃઢ શ્રદ્ધાની વૃદ્ધિ થશેરે;
પાછી સિધાવ હવે પુત્રી નવ કરતી વાર,
ત્હાગી દેહે દુઃખ થશે ઓ ! કુળવંતી સતીરે.
સાવિત્રી–મ્હારા દુઃખ વિશે બાકી શી ? યમરાજા કહોરે!
મ્હારી નજરે બંધાયેલા દેખું નાથ,
મ્હારે શું સુખ ભોગવવાને જાવું આશ્રમેરે.
સુખમાં દુઃખમાં જણ્ રેવું સ્વામીની સાથ,
મ્હારે સ્વર્ગ તણાં સુખ શું કરવાં સ્વામી વીનારે.
રાખો સકળ જગતને નિયમ મહી નિત્ય તમેરે,
આપો કર્મ તણાં ફળ સર્વને તત્કાળ,
રાજા રંક શત્રુ ને મિત્ર મણો સરખા તમેરે,
તેથી નામ તમારૂં ધર્મરાય કહેવાય,
શરણે આવેલાનુ સંરક્ષણ કરતા તમેરે
યમરાજા–શાણી વચનો ત્હારાં અંતર મ્હારૂં ઠારતાંરે,
જેવી તરસ્યાને પાણીથી તૃપ્તિ થાય;
પુત્રી ના શરમાતી મ્હારી પાસે હજુ માગતાંરે,

બીજું ત્હારા સ્વામીના જીવિત સિવાય,
ત્હારી ઇચ્છા પુરણ કરવા હું ઉભો અહીંરે,
સાવિત્રી-મ્હારા તાત તણું ઘર પુત્ર વિના સુનું દિસેરે,
ત્હેને આપો ગુણિયલ સો પુત્રો યમરાય,
તેના વંશ તણી આ વિશ્વ વિશે કીર્તિ વધેરે.
મ્હારાં માત પિતાના સંકટ સરવે જાય.
કવિ—એવું બોલીને સાવિત્રી કરજોડી રહીરે.

યમરાજા-ત્હારા તાત તણે ઘર ગુણીયલ સો પુત્રો થશેરે,
થાશે દશે દિશામાં વંશ તણો વિસ્તાર;
ત્હારાં માત પિતનાં સંકટ સર્વ ટળી જશેરે.
તુજને આપ્યું ત્હારી ઇચ્છાની અનુસાર,
આવી દુર ઘણે પુત્રી જા તું પાછી હવેરે.

સાવિત્રી-મ્હારા સ્વામીની સંગે છું તો કયાં હું દુર છુંરે,
મારૂં મન તો દોડે છે એથી પણ દુર,
સ્વામી સંગે રે'વું એ ભૂષણ સતીઓ તણુંરે.
ત્યાગી કાયાને છાયા કયાં જાએ દૂર,
સ્વામીના વિરહે સતીઓનં જીવ્યું દોહલુંરે.
રાખે પૂર્ણ ભરોસો સજ્જનનો રાખી વિશ્વાસ,
શત્રુ મિત્ર સદા સરખા માને છે સજ્જનોરે,
આવે નહિ સુરજમાં અંધકારનો ભાસ,
સજ્જનની સજ્જનતા કદીયે પલટાતી નથીરે,
યમરા-ત્હારાં વચનો શાણી અમૃતથી પણ મીઠડાંરે.
મુજને તે સાંભળતાં આવે પ્રેમ અથાગ,

મ્હારી પાસેથી વરદાનો ત્હારા હિતનારે.
ત્હારા સ્વામીના જીવિત વિણુ બીજું હજી માગ,
ત્હારી ઇચ્છાને આધીન બની ઉભો અહીંરે.
સાવિત્રી–મુજને આપો તો યમરાજા માગું એટલુંરે.
મ્હારા સ્વામીથી સો પુત્રો મુજને થાય !!!
મ્હારા કુળનું આ જગમાંહી માન વધે ગણુંરે.
મ્હારી વડિલ જનોના ચરણે પ્રીતિ થાય,
એવું બોલીને સાવિત્રી કર જોડી રહીરે.
યમરાજા–તુજને તેજસ્વી સો પુત્રો એ બાળા થશેરે,
ત્હારા કુળનું ઝાઝું વધશે જગમાં માન,
ત્હારી વડીલ જનોના ચરણે પ્રીતી વાધશેરે.
માટે જા પાછી ઘર તું થાશે હેરાન,
એવું બોલીને યમરાજા લાગ્યા ચાલવારે.

* * * *

સાવિત્રી–બોલી સાવિત્રી સુણો યમરાજા વિનતીરે.
આપો ઉત્તર મારા પ્રશ્ન તણો આ વાર,
મોટા માણસના વચનો મિથ્યા જાતા નથીરે.
બોલ્યું અબોલ્યું મોટા જનનું નવ થાય,
જાયે પ્રાણુ પરંતુ વચન થકી ફરતા નથીરે.
થાવા સો પુત્રો વરદાન તમે આપ્યું મનેરે.—
તે તો કેમ સત્ય થશે મહારાજ,
બાંધી લઈ જાવા ધારો છો મારા નાથનેરે.
પળશે કેમ કરીને વચન તમારૂં આજ,
કવી—એવું બોલીને સાવિત્રી કરજોડી રહીરે.

યમરાજા—પુત્રી ધન્ય ત્હને સાચો છે નિશ્ચય તારોરે,
બાળા ત્હેં મુજને વચને બાંધ્યો આ વાર,
આજે નિશ્ચયના બળથી ત્હેં વશ મુજને કર્યોરે.
લે આ છોડું છું પુત્રી તારો ભરથાર,
પામ્યો વર્ષ ચારસોનું આયુષ તારો પતીરે.
મ્હારાં સૌ વરદાનો ફળશે તુજને દંપતીરે.
જગમાં ઘર ઘર નરનારી ગુણ ત્હારા ગાય,
પામી સુખ જગમાં અંતે સાથે મુગતીરે.

કવિ—એવું કહીને અંતરધ્યાન થયા યમરાય,
વાગ્યાં દેવ દુદુંભી પુષ્પ તણી વૃષ્ટિ થઇરે.
વળતી આવ્યા આશ્રમમાં સંગાતે દંપતીરે.
સતીના અંતરમાં આનંદ અતિ ઉભરાય,
સહુને વીતકની વાતો વિસ્તારીને કહીરે.
પ્રેમે લાગ્યાં બન્ને વડિલ જનોને પાય,
આપે અંતરની આશિષો સૌ નરનારનેરે.
સરવે વરદાનો યમરાજાનાં સાચાં થયારે.
મળિયા વૈભવ સઘળા પામ્યાં સુખ તમામ,
અંતે શ્રીહરિને શરણે વસિને સુખિયાં થયારે.
બોલો જય જય કહે છે, મિત્ર ગુલાબીરામ,
ગાતાં શિખતાં સરવે સદવર્તન ફળ પામજોરે.

—શરદ પુર્ણિમા, અજવાળી રાતની ગરબી—

આસો માસો શરદ પુનમની રાતજો,... ... ...
ચાંદલીઓ ઉગ્યોરે હરણી મારા ચોકમાં... ... ...

સસરો મારો દેશ સરખો દેવજો; સાસુડી દેશરે કેરી પુતળી.
જેઠ મારો અશાઢીલો મેઘજો, જેઠાણી ઝબુકે વાદળ વીજળી.
દિયર મારો ચાંપલીઆનો છોડજો, દેરાણી ચાંપલીયા કેરી પાંખડી.
નણદલ માહારી વાડીમાંની વેલજો, નણદોઇ તે વાડી માંહીનો વાંદરો.
પરણ્યો મારો ચતુર સુજાણજો. તાણીને બાંધે નવરંગ પાઘડી.
એ પાઘડીએ દશ દશ આંટાજો આંટેને આટેરે નવરંગ પાઘડી.
ગોરીનો પરણ્યો વહાણુ કમાવા જાયજો,... ... ...
વહાણેથી લાવે ખારેક ટોપરાં... ... ...
ખારેક ખાય તો ખટકે ગોરીની દાઢજો.... ... ...
ટોપરડું ખાય તો ગોરીને કુચા વળે... ... ...આસો.

શ્રી બહુચરાજીનાં મહીના. —રાગ ગરબી—

ચઇતરે. ચીત ઘણું બાંધુ, નમી નમી બહુચર આરાધું;
મન મારૂં ગોખે જઇ લાગ્યું, સેવોને શંખલપુર રાણી,
બઇશાખે, વાવલીઆ વાયા, માજીના ઘંટ તણે આવ્યા;
અંબાજીની મોટી છે માયા... ... ...સેવોને.
જેઠે, તો જુગતી છે સારી, હરિહર બ્રહ્મ થકી ભારી;
ગોખ ઉપર જાઉં બલીહારી... ... ...સેવોને.
અષાઢે મેઘ ઘણાં ગાજે, છત્ર શીર બહુચરને છાજે;
ચોઘડીયાં તો અદભુત વાજે... ... ...સેવોને.
શ્રાવણ, સરવડીઓ વરસ્યો. માજીને ભજશો તો તરશો;
નીકર તમે અથડાતાં મરશો... ... ...સેવોને.
ભાદરવો, ભલીપેરે ગાજે, મા સેવકને સનમુખ તો રાજે;
જુડતાં બાવલડી સાહાજે... ... ...સેવોને.

આસો, માસે આવી દીવાળી, આવ્યાં છે અંબા ને કાળી;
ગરબે રમે મોટાં મહાકાળી ... ...સેવોને.
કારતકે, કોયલડી બોલે, ના આવે કોઇ માજીને તોલે;
તેજ જોતાં ત્રીભોવન ડોલે... ... ...સેવોને.
માગસર, માનસરોવર નાહે, ચાચર આવી ગરબા તો ગાયે;
સેવકની મા કરજો સાહે... ... ...સેવોને.
પોષે, પ્રીત ઘણી ધારી, પાંડવ લીધા ઉગારી;
કોરવ સરવે ગયા હારી... ... ...સેવોને.
માઘે, તો મને નથી ગમતું, મન મારૂં રહે છે ભમતું;
મન મારૂં માજીમાં રમતું... ... ...સેવોને.
ફાગણે, ફર ફરતી હોળી, પહેર્યાં માએ ચરણાંને ચોળી;
કેસર બહુ છાંટયા છે ઘોળી... ... ...સેવોને.
બારે માસ પુરણ કીધાં, દહીતને દંડ ભલા દીધા;
દેવતા સહુ ઉગારી લીધા... ... ...સેવોને.
આસો સુદ બીજને બુધવારરે, બારે માસ કહ્યા નીરધારરે;
વલ્લભની કરજો મા વાહારરે... ... ...સેવોને.

—પંદર તિથિનો ગરબો—

પડવે, પાતાળીઆ ગીરધારી, મારે ઘેર આવજોરે લોલ,
બીજે, બાળક બેહુ બહાર કે મેં સમજાવ્યુંરે લોલ.
ત્રીજે, ત્રણ ભુવનનો નાથ કે, મોતીડે વધાવીએરે લોલ,
ચોથે, ચંચળ બોલી નાર કે, મથુરાંની વાટમરે લોલ.
પાંચમે, પગલાં ભરજો પ્રેમ કે, મારે ઘેર આવજોરે લોલ;
છઠે, છોગાળા ભગવાન કે, ભગતને તારજોરે લોલ.

સાતમે, સાદ કરે એક નાર કે, ગોકુળ ગામનીરે લોલ,
આઠમે, અવતરીઆ ભગવાન કે, નીરખુ નાથનેરે લોલ.
નોમે, વરત કરે એકનાર કે, ગોકુળ ગામનીરે લોલ,
દશમે, માર્યો મામા કંસ કે, મથુરાંની વાટમાંરે લોલ.
એકાદશી, પરણી લાવ્યા નાર કે, સતભામા ખરીરે લોલ,
બારશે, બહુ બળીઆ ભગવાન કે, દીશોદીશ વાપીઆરે લોલ.
તેરશે, ધન ધુવે એક નાર કે ગોકુળ ગામનીરે લોલ.
ચઉદશે, બનસી બટને ચોક કે, રાસ રમાડજોરે લોલ,
પુનમે, પંદર તીથી થઇ પુરી કે. ગુણ ગાઇ રહીરે લોલ.

રાસક્રીડા—શ્રીકૃષ્ણ રાધાનો ગરબો—

વનમાં ભુલી પડીરે, પેલો ક્યાં ગયો કાનુડો.—ટેક.
ઝરમર ઝરમર મેહુલો વરસે, પુરણ કરી છે હેલી,
અંધાર વનમાં મુજને મેલી, ત્યાં કોણ અમારૂં બેલી—વન૦
ગોકુળ ગામની ગોવાલણી સહુ મળી વેચવા ચાલી,
મારગ મળીયા માવજી, ત્યાં રોકી રાધે પ્યારી—વન૦
મારગ મળીયા માવજી, મને રોવા સરખી કીધી,
માથા ઉપરથી મહીની મટુકી, ઉતાવીને લીધી—વન૦
જસોદાજી આ લાલ તમારે, આડા અવળી ચાલે,
સોળ સહસ્ર ગોપીઓમાં, મન માને ત્યાં માલે—વન૦
આગળ પાછળ મહેલ તમારાં, વચમાં અમારી મેડી,
અગાશીમાં અમેજ રમતાં, સાન કરી શીદ તેડી—વન૦
મોર મુગટ ને કાને કુંડળ, હરખે વાગે તાળી,
આગળ પાછળ ગોપી નાચે, મધ્ય નાચે વનમાળી—વન૦

ભમરી ખાતા ભુધરજીએ, એવી માયા કીધી,
હરી તો અંતરધ્યાન થયા, એક સખી સંગાથે લીધી—વન૦
પુરૂષોતમને પગલે પગલે જોતી જોતી જાઉં,
નારાયણનાં દર્શણ વિણ હું, આકુળવ્યાકુળ થાઉં—વન૦
જોતામાં એક અબળા દીઠી, તેને પુછી વાત
રાધા કહે અભિમાન આવ્યું ત્યારે, તજ્યો અમારો સાથ—વન૦
ઝાડે ઝાડે જોતી ચાલું. જઇને ઝાલું હાથ,
તાલ જાણી ત્રીકમજીએ પ્રેમે ભીડી બાથ—વન૦
વંદ્રાવનની કુંજગલનમાં મળીયાં રાધે પ્યારી,
મયારામના પ્રીતમ મળતાં, વેળા અમારી વાળી—વન૦

ઓધવજીનો સંદેશો (ત્રીજો)—રાગ ગરબી—

ઓધવજી અબળા તે સાધન શું કરે, વાલા વિના તો વેહની પ્રગટી આગજો
સંદેશો લાવ્યારે ભુંડા વિજોગનો, નથી ખમાતો દઝયા ઉપર ડામજો.
જોગીડાં થઇએ તો જગમાં લાજિયે, ભોગીડાં કયમ ધરિયે ભગવો ભેખજો,
વિશ્વાસે વસું છું વાલમ આવશે, અંગમાંથી ઉપડી રંગની રેખજો.
જંગમની જુગતી તો સર્વે જાણિયે, સમીપ રહે પણ શરીરનો નહીં સંગજો;
એકાંત વસતું રે એકજ આસને, ભેદ પડે તો પડે ભજનમાં ભંગજો,
ફકીરી સાધ્યાનું ફળ પામિયે, દમન તજીને દીલ કરીએ દરવેશજો,
દેવને દેખ રે દીલ દેદારમાં, પોકારિયે શું પ્રભુ નથી પરદેશજો.
સંન્યાસી થઇએ તો સુખદુખ સાંભરે, વસ્ત્ર તજીને વનમાં કરિયે વાસજો,
પૂરણ પ્રીત વિના તો પ્રભુજી નહીં મળે, દેહ દમનમાં દુઃખડા ભારે વાસજો,
જતી તો જાણેરે જ્યાં ત્યાં જીવને, જતી ખરા જે જાણે જીવતી જાતજો;
અવળેલો મેલીને નહિં થાઉં આરબ્ય, ભુલું નહીં કાંઇ દેખીને વળી ભાતજો

બ્રાહ્મણ તે જાણજોરે, સાચા બ્રહ્મને, વિપ્ર વિવેકી વેદ ભણે તે સારજો.
રૂખિમણી રીઝીરે હરિના રંગમાં, પ્રેમ કરીને પૂજયા નંદ કુંમારજો;
ખટ દર્શન વાળાને તો દુઃખડાં ખરાં, બાંધ્યું મારૂં મોહન સાથે મનજો;
જ્ઞાન ગુઢારથ તો મનમાં ગમતું નથી, સુંદર વરને સોંપ્યાં તનમન ધનજો,
આ સારૂં જાણો તો શે નથી રાખતા, જપતપ સાધન જગતમાંહિનું કામજો;
વહોરતિયા વિના તો વસ્તું નહીં મળે, મધુકર એનો તો ન્યારો છેઠામજો.
હરિ પાસે હતું તે અમને આપિયું અમ પાસેથી ભરી પ્રેમની પોઠજો;
રધુનાથના સ્વામીને કહેજો એટલું, હેત હતું તે આવ્યું હૈયાનું હોઠજો.

—કજોડાની ગરબી—

કાંચલડી કંકાડીને વાડકીમાં પાણી........................
ન્હાનો વર નવડાવા બેઠી. સમડી લઈ ગઇ તાણી–લાલ કેમ કરીએ.
મારે કરમે કજોડુ લાલ કેમ કરીએ.......................લા.
મારે જુગમાં વગોણું, મારે સહીયરોમાં મેણું................લાલ.
ટોપલીયામાં ઘાલી હું તો, કાકાબળીયા ગઇતી
કાકબળીએ પુછયું તારો શો સગો એ લાગે...............લાલ.
બાઇજીનો બેટો ને નણદીનો વીરો, ન્હાનો છે પણ કંથ—લાલ.
રોટલા ઘડું ત્યારે ચાણકીરે માગે ધબ લઇને ઢીંકા મારે હૈડામાં ચાલે
પાણીડાં જાઉં તારે છેડે વળગ્યો આવે;...............લાલ.
ધબ લઇને ધબ્બામારૂ હૈડામાં હાલે........................લાલ.
હાથ પગ દોરડી ને પેટ મોટું ગોળી......................લાલ.
ઉકરડે જઈ ઢગાસે બેશે, સમળી પાડે ઢોળી................લાલ.

ગુણીયલ ગજરો —રાગ ગરબી—

માલણું ગુંથી લાવ ગુણીયલ ગજરો, તારા ગજરાનો માનીશું મજરો.
તારા ગજરાનું આપીશું મૂલ, માંહી ગુંથજે ગુલાબનું ફુલ,

જે તું કહીશ તે કરશું કબુલ... ... ...માલણ.
જેવી તારી હોય ચતુરાઇ, તેથી કરજે તેની સરસાઇ,
કાં બાકી ન રાખીશ બાઇ... ... ...માલણ.
એવી કરજે કારીગરી એમાં, જુગ્તિ હોય જોવા જેવી જેમાં,
મોહ પામે મુનિવર તેમાં... ... ... માલણ.
વર લાડકડાને રે કાજે, એવો ગુંથજે ગજરો તું આજે,
જેવો છત્રપતિને છાજ... ... ...માલણ.
એમાં જુક્તિ જોવાજોગ જાણી, જુઓ અંગમાં ઉમંગ આણી,
રીઝે રાજા અને વળી રાણી .. .. માલણ.
તને આપીશ હીરાનો હાર, વળી સોળ સારા શણગાર,
ઉપર હેમની મહોર હજાર... ... ... માલણ.
કવિતાની કીમત ઉર આણે. એજ ગજરાનું મૂલ પ્રમાણે.
દાખે દલપત બીજા શું જાણે... ... ...માલણ.

(હરીદાસ કૃત)—પાંડવનો ગરબો—

ગરૂડ ચઢી આવજો ગીરધારી, લજ્યા મારી રાખજો મોરારી–ટેક
ભાવે ગણપતિને ગાઇએ, ગુરૂને ચરણે જઇને નમીએ.
પદ પુજીને પાવન થઇએ... ... ...ગરૂડ ચઢી•
કુંતા માતા છે શુભ મતિ, સતી સાધ્વી દ્રુપદી,
મારી વહારે ચઢો જદુપતિ... ... ...ગરૂડ ચઢી•
ધર્મ રાજા તે ધર્મનું ધ્યાન, રૂડા અર્જુનના વિશ્રામ,
ભીમ સહિત મહા બળવાન... ... ...ગરૂડ ચઢી•
જોશી સહદેવને લાવે, તે તો પાંડુના પુત્ર કાવે,
તેજવંતા તે નકુળ આવે... ... ...ગરૂડ ચઢી•
હસ્તિનાપુરમાં હોડજ ધારી, માંડયા જુત ને બાજી હારી,

પહેલે પાસે હસ્તિનાપુર હારી... ... ...ગરૂડ ચઢી.
બીજે હાર્યો તે ગયં ભંડાર, ધર્મ રાજા કરે વિચાર,
એમ હાર્યા તે વારંમવાર... ... ...ગરૂડ ચઢી•
ત્રીજે હાર્યા તે ચતુર ચુકાવી ગયા દ્યુત વિદ્યા થકી હારી,
ચોથે હાર્યા દ્રોપદી નારી... ... ...ગરૂડ ચઢી•
પાંડવ હાર્યા ને હિંમત મેલી, એમની વાત તે વિશ્વમાં થએલી
બહુ નામી થજો મારા બેલી... ... ...ગરૂડ ચઢી•
એવે બોલ્યા દુર્યોધન અહંકારી, તેડી લાવો પાંડવની નારી
એમ સભામાં બોલ્યો પોકારી... ... ...ગરૂડ ચઢી•
એવે દુશાશન, દોડતોરે આવ્યો, સભાને સમાચાર સંભળાવ્યો,
કેડ સાહીને ચોટલો ગ્રહી લાવ્યો... ... ...ગરૂડ ચઢી•
સુણી બોલ્યો દુર્યોધન અહંકારી, ખોળે બેસો પાંડવનીરે નારી,
એમ સભામાં બોલ્યો હોકારી... ... ...ગરૂડ ચઢી•
ત્યારે સતીએ દીધોરે શ્રાપ, તને લાગ્યું પૂર્વનુ રે પાપ,
ખોળે બેસશે શોક સંતાપ... ... ...ગરૂડ ચઢી•
ખોળે બેસે ગદા ભીમ કેરી, તને કાળે લીધોછેરે ઘેરી,
બધું યાદવકુળ કર્યું વેરી... ... ...ગરૂડ ચઢી•
દુર પંથ છે દ્વારીકા ગામ, સેજે સુતા છે સુંદર શ્યામ,
મારી વારે ચઢો ઘનશ્યામ... ... ...ગરૂડ ચઢી•
હરિએ ગરૂડ કર્યો તૈયાર, ત્યારે બોલ્યા રૂકિમણી નાર,
તમે કયરિ પધારો ભર્તાર... ... ...ગરૂડ ચઢી•
સતીને ભરીરે સભામાં આણી, એનાં ચીર લેછે દુષ્ટ તાણી.
તેની વારે ચઢું છું સણી... ... ...ગરૂડ ચઢી•
પ્રભુ ભરીરે સભામાંરે આવ્યા, પંચાળીના પટકુળ લાવ્યા,

કર સાહીને ચીર પહેરાવ્યા,... ... ...ગરૂડ ચઢી૦
હરિએ નવસેં નવાણું ચીર પૂર્યાં, તેમાં એકે નથી અધુરાં,
ભક્ત કામમાં પ્રભુ છે શૂરા... ... ...ગરૂડ ચઢી૦
જે કોઇ પાંડવનું પદ ગાશે, તેને કોટી યજ્ઞ ફળ મળશે,
હરિદાસનું કારજ સરાશે... ... ...ગરૂડ ચઢી૦

મીરાં-ચરિત્ર.—રાગ ગરબી—

મીરાં મન મોહનશું માન્યું;..
વરિયા વરિયા શ્રી ગીરધરલાલ, જાણે જગ નથી કાંઇ છાનું,
જેમલ રાઠોડની દીકરીરે, સુણો, મીંડતા એનું ધામ;
રૂપ ગુણ કોઇ સમોવડ નહીં, રૂડું ધર્યું મીરાંબાઇ નામ-મીરાં.
જોશીએ વાંચી જન્મોતરી રે, તેણાં લખ્યું નીકળ્યું એહ;
વરશે વિશ્વંભર નાથને રે, કરશે નંદ કુંવરજીશું નેહ-મીરાં૦
ઉદેપુરનો રાણો રાજીયો રે, તે સાથે કરી છે સગાઇ;
પરણાવીને વળાવ્યાં સાસરે, કંઇ લૌકિક રીતે મીરાંબાઇ-મીરાં.
દેવીને દેવા વધામણાં રે, ચાલમાં વરકન્યા સહુજન;
રાણે પારવતીજી પુજ્યાં રે. મીરાંનું તો મોહનમાં મન-મીરાં૦
સાસુ કહે સૌભાગ્ય વધેરે વહુ, નમો શક્તિનો પાય;
મીરાં કહે મસ્તક મારૂં નહીં નમે, વિના શ્રી ગિરિવરધર રાય-મીરાં,
સાસુ કહેરે સામી બોલી આજથી, મારે નથી એ વહુનું કામ.
પુત્રને કહ્યું એહને રાખો પરી, એક ન્યારૂં રચાવો એનું ધામ-મીરાં.
એવું સુણીને મીરાં મગ્ન થયાંરે, ભલું થયું ભાંગ્યો જંજાળ;
સાધુની સંગે દિનરેણુ નિર્ગમશું સુખે, સેવીશું શ્રી ગોપાળ-મીરાં
નંદ નંદન સાથે ન્યારાં રહ્યાંરે મીરાં, હરિજન આવે ઘણા ઘેર;
નિત્ય ભજન કથા કીર્તન ઓચ્છવ, હરિનાં-ને કરે લીલાલેહેર-મીરાં.

ંદ આવી મીરાંબાઇની પાસે, ભાભી આ શો માંડયો ઉત્પાત;
ારે રાણાજીનું કુળ લજાવ્યું વહુ, મહીએર લજાવ્યાં માત તાત–
બર આભ્રણ પેંહેરો અનુપમ, સજ્જો સુંદર શણુગાર;
લે પધારો રાણાજી તણેરે, રમી રીઝવી હ્યો ભરથાર–મીરાં.
ાં તિલક આ શી ! તુલસીની માળા, નાચ્યો કુદો વેરાગીને વેષ;
ા મુકી દો સાધુ સન્તનોરે, રાણોજી તો કરે સુણી ક્લેશ–મીરાં.
ા કહેરે બાઇ ક્લેશ ટળવાનો, એકજ છે ઉપાય;
જો રાણાજીને સાધુને સેવે પ્રેમે, નૃત્યુ કરીને હરિ ગાય–મીરાં.
ા સોનું રૂપું પહેરે શું સુધયુંરે, કહાડી નાખો એ ડાક ડમોળ;
ાં તિલક ધરી સાધુઓમાં બેશો, ચાલો પહેરો તુલશીની માળ–
ા પણ જાઓ શીદ સાસરેરે, બાઇ વૃથા વટાળો શાને દેહ;
ગમતા મોહનવર સાથે તમો, સરવ તજીને કરો સ્નેહ–મીરાં.
જો તમારી માતને રે વૃદ્ધ થયાં ગોવિંદ ગુણ ગાયે;
. વિના કોટિ દેવ શેવશો તોએ, જન્મ મરણ નહીં જાયે–મીરાં
ાી એમ છણુકતી ખીજતીરે, બાળા આવી બાંધવની પાસ;
ભાઇ ભાભી કહે છે થાઓ વેરાગી, સહુ મુકી દો રાજ અવાસ–
ાું સુણીને આવ્યો રોષ રાણાને, પ્રેર્યો સેવક મીરાંને અવાસ;
ાા ખબર છે શા રંગમાંરે, કોણ કોણ બેઠું છે એની પાસ–મીરાં.
ાચરે આવી એમ કહ્યું જે, નથી ત્રીજું માણુસ આ વાર;
ાીજી સાથે કોઇ પુરૂષ બીજો છે, ધરમાં થઇ રહી છે થૈથૈકાર–
ાામાં રાણો થયો રાતડોરે, એંચી ખડ્ગ ધાયો છે તેણીવાર;
ા મીરાંને મહેલે એકલોરે, કોઇ આવે ના ધાઇ દીધાં દ્વાર–મીરાં.
વી જોયું તો મીરાં એકલીરે, પ્રભુએ તેને ના દીધુ દર્શન;
ાું મીરાંને પેલો પુરૂષ ક્યાં છે, તાહરે લાગ્યું જેશું લગન–મીરાં.

ક્યાં છે પુછો શું રાણા રોષમારે, તે તો સઘળે વસે છે ભરપૂર;
ધ્યાનમાં જુએ જોગી, પ્રેમી પ્રત્યક્ષ દેખે, રહે છે દુષ્ટ થકી દુર–મીરાં.
કાઢાડી નાખોજી આ કલેશ કપટ, સત્સંગે નિર્મળ કરો મન;
પ્રેમ ભક્તિએ પરબ્રહ્મ ભજો તો, તમને થાય તેહનાં દર્શન–મીરાં.
એવું સુણીને આગ લાગી ઘણીરે, પણ ભાવ ના સમજ્યો ભૂપ;
ક્રોધ કરીને શસ્ત્ર વાવરે એહવે, દીઠાં મીરાંનાં બે રૂપ–મીરાં.
તોયે મુરખ સમજ્યો નહીંરે, મન સાથે ન કીધો વિચાર;
બીજું ખડ્ગ એણે ખેંચીયુ રે, ત્યારે હરિએ દેખાડી મીરાં ચાર–
છોભો પડયો ને પાછો ફર્યોરે, રાણો આવ્યો પોતાને ઘેર;
વિષનો પ્યાલો મોકલ્યો પીજો, કહાવ્યું રાણાએ આણી ઝેર–મીરાં.
લીધો મીરાએ મન મગન થઇનેરે, પ્રભુને દેખાડી કર્યું વિષપાન.
અમૃત સરખું થઇ ગયું રે, એનો સમર્થ ધણી ભગવાન–મીરાં.
મીરાબાઇ આવ્યા વૃંદાવનમાં રે, પ્રેમે નીરખ્યા શ્રી વ્રજરાય;
શ્રી જમુના પયપાન કર્યુંને, કરી જીવા ગોસાઇને શિક્ષાય–મીરાં.
હરિજન જાણી મીરાંએ મળવા કહાવ્યુ, તેણે કાવ્યું નાજોઉ સ્ત્રીનું મુખ;
મીરાં કહે સારૂં થયું સવારૂં મુજને, પર પુરૂષ જોઅેથી દુઃખ–મીરાં.
આજ લગી હું એમ જાણતી જે, વ્રજમાં કૃષ્ણ પુરૂષ છે એક;
વૃંદાવન વસી હજુ પુરૂષ રહ્યા છો, તેમાં ધન્ય તમારો વિવેક–
એવું સુણીને જ્ઞાન પામિયારે, જીવા ગોસાંઇ મળ્યા છે સામા ધાઇ;
હળીમળીને હરિની વાત કરીને આવ્યાં, મેવાડ દેશ મીરાંબાઇ–મીરાં.
કરી તૈયારી ચાલ્યાં દ્વારિકારે, પ્રેમે નિરખ્યા શ્રી રણછોડ;
વાસ પુરીને પ્રભુની પાસે રહ્યાં સદા, પહોંચ્યા છે મનના કોડ–
પાછળ પસ્તાવો રાણાને થયો રે, ગયું ઉતરી મનનું ઝેર;
મુખે માગે તે આપું તેહને જે કોઇ, લાવે મનાવી મીરાંને ઘેર–

ારા ઉપરી તેડાં મોકલ્યાં રે, આવીને લાગ્યા સહુ પાય;
જી પધારો મેવાડમાં વહેલાં, રાણાજી તો અન્ન ન ખાય-મીરાં.
'જાં લગી તમો રહેશો દ્વારિકારે, ત્યાં લગી કરૂં અપવાસ;
ાગ્રહ દેખી મીરાં વિદાય માગવાને, આવ્યાં શ્રીપ્રભુજીની પાસ-
રેએ હકીકત સાંભળી રે, હસી ચાંપી હ્રદયા સાથ;
કૃષ્ણ સ્વરૂપમાં સમાઇ ગયાંરે મીરાં, જે જે શ્રીદ્વારિકા નાથ.
રિત્ર આ મીરાંબાઇનું રે જે કો, શિખે સાંભળે ને ગાય;
મ ભક્તિ તેહને મળે ને ત્રુઠે,. દયાનો પ્રીતમ વ્રજરાય—મીરાં.

યારે રામચંદ્રજી તથા લક્ષ્મણજી વનવાસ ચાલ્યા ત્યારે સીતાજીએ
કહ્યું કે હું પણ સાથે આવીશ, તે સમે રામચંદ્રજીએ કહ્યું કે
તમે પિયેર જાઓ અથવા અહીં રહો.

વિષેનું ધોળ:—

ામ લક્ષ્મણ વનમાં સીધાવતાં, સતી સીતાને આવતાં સાથ,
હે રઘુનાથ... .. ..પધારો પિયર ભણી.-(ટેક)
ાહિ તો અહીં રહો સસરાના રાજમાં હેતે હળી મળી સાસુ,
ંગાથ, નહિ તો જોડી હાથ... ... ...પધારો.
અમે વસ્તીમાં નહિ વસીયે વનીતા, અમે કરશું જઇ વનવાસ,
ામે પામે ત્રાસ... ... ...પધારો.
ાથે રથ કે ઘોડું નહિ રાખીએ નહિ રાખીએ દાસી કે દાસ,
ાઇ અમ પાસ... ... ...પધારો.
ામે કોશનો પંથ કીધો નથી, ચરણે ચાલવાથી પામો થાક,
ીટી ખેંચો નાક... ... ...પધારો.
અમે વનફળ ખાઇ ખુશીમાં રહેશું, કોઇ દિવસે તો કેવળ શાક,

વિન લુણ પાક... ... ...પધારો.
વનમાં નથી મંદીર નથી માળીયાં, નથી મહોડવા કાજ પલંગ
રંગીત નવ રંગ... ... ...પધારો.
કરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુવા સાથરો તે ખુંચે અંગ,
એમાં શો ઉમંગ... ... ...પધારો.
વનમાં હીરનાં ચીર તો નહી મળે, વનમાં નહિ મળે ફરતાં
ફુલેલ કે તેલ ધુપેલ... ... ...પધારો.
વનમાં નહી મળે સાખી સાહેલીયો, કરશો કે સંગ ખાંતથી,
ખેલ ઉમંગ ભરેલ... ... ...પધારો.
ઉષ્ણકાળે વાશે ઉંના વાયરા, એવું દેખીને થાશો ઉદાસ,
આવે જ્યારે જેઠ માસ... ... ...પધારો.
વરસે મેઘને ઝબકશે વીજળી, તેવે ટાણે તો તરૂ તળે વાસ,
નહીં છત્ર પાસ... ... ...પધારો.
વનમાં ઘાતકી રહે છે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચોર,
જેનું ઘણું જોર... ... ...પધારો.
વનમાં વાઘ વરૂને વાંદર જેવાં ઘણાં વિચરે જનાવર ઘોર,
બચે નહિ ઢોર... ... ...પધારો.
મોટા પર્વત દેખીને માનની, તમને નજરે જોયા નહિ જાય;
દીઠે ખાવા ધાય... ... ...પધારો.
તમે રાજકન્યા કાયા કોમળી, વનવાસનાં દુઃખ ન વેઠાય,
કાયા કરમાય... ... ...પધારો.
રણમાં અંધારૂ દેખી ડરો ઘણાં, નથી નિસર્યાં કદી ઘરબાર,
છો નાજુક નાર... ... ...પધારો.
તમે છોટી ઉમર સોળ વર્ષનાં, નથી સંકટ વેઠયાં લગાર,
તમે કોમળવાર... ... ...પધારો.

પરણી આવીને પીઅર ગયાં નથી, તમને મળવાને ઇચ્છે છે,
માય, ચોંપે ચિત ચાય ... ... પધારો
રાજા જનકજી તમને ઝંખે ઘણા, તેમના સંદેશા આવે સદાય.
તેડાં પાછાં જાય ... ... પધારો.
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહિપાળ,
પુરાવીને થાળ ... ... પધારો.
અમે અવધે ફરી જ્યારે આવશું, લેશું સ્નેહે તમારી સંભાળ,
ત્યારે તત્કાળ ... ... પધારો.
રૂડી મિથિલાપુરી મન માનતી, તેમાં પામશો પરમ વિસ્રામ,
બાપને ગામ ... ... પધારો.
ગોરી તમને ગમે તેમ હું કરૂં, એમ દલપતરામનો શ્યામ,
કહે રાજા રામ ... ... પધારો પિયર ભણી.

—: પછી સીતાજી બોલ્યાં તેનું ઘોળ :—

એવું સાંભળી સીતાજી કહે સુણો સુંદરસ્યામ સુજાણ,
પ્યારા મારા પ્રાણ... ... ...સાથે રાખો સ્નેહથી.–(૨૬)
જુદાં પડવાની વાત વા'લા કહો, તેતો બોલ લાગે તીક્ષણ
બાણ, રઘુકુળ ભાણ ... ...સાથે રાખો.
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂં, તમથી વેગળી તે પરદેશ,
હું જાંખુ હમેશ ... ... સાથે રાખો.
તમે જોગીનો વેશ જો ધારશો, તો હું જોગણનો ધરૂં વેશ,
જટા કરૂં કેશ ... ... સાથે રાખો.
સ્વામી તમેરે સુખી તો સુખ માહરે, તમે દુઃખમાં તો દુઃખ
મારે દેહ, એમાં શો સંદેહ... ... ... સાથે રાખો.
જે કોઇ પરણ્યા પછી રહે પીયરમાં, અવતાર બન્યો ધીક

એહ, મુવા જેવી તેહ... ... ... સાથે રાખો.
સ્વામી તમ વીના મંદીરને માળીઆ, ભાસે પર્વત મોટા
સમાન, વસ્તી તો વેરાન ... ... સાથે રાખો.
મહાવનમાં ભરી વસ્તી ભાશસે, જ્યારે પામીશ દર્શન દાન
કૃપા નીધાન ... ... સાથે સાખો.
સાસુ સસરાને માત પીતા સઉ, ભલે જીવો-કરો રૂડા રાજ,
મને મહારાજ ... ... સાથે રાખો.
સ્વામી શું કરૂં ભાઇ ભોજાઇને, સ્વામી શું કરૂં સહીયર સમાજ,
કેનું નથી કાજ ... ... સાથે રાખો.
સાચું સગપણ જગમાં સ્વામી તણું બીજે સ્વાર્થી સઘળો,
સંસાર કુટુંબ પરીવાર ... ... સાથે રાખો.
મારા લાડ પાલણ તમે લાલજી, બીજો નથી આંસુનો લુંનાર,
કે એકે આધાર ... ... સાથે રાખો.
કાયા પ્રાણ થકી જો જુદી રહે, તો હું તમથી જુદી પડુ છેક,
જીવું તજી ટેક... ... ... સાથે રાખો.
જો કોઇ જળથી જુદી પડી માછલી રહે દુધમાં કરી વીવેક,
જીવે પળ એક... ... ... સાથે રાખો.
તમે સુખના સાગર રહો વેગળા, પછી શું રાજને પાટ,
હવેલીના ઠાઠ ... ... સાથે રાખો.
મને હીરનાં ચીર ગમે નહિ, મને ન ગમે ઘરેણાંના ઘાટ,
મટાડો ઉચાટ ... ... સાથે રાખો.
હું તો તમને દીઠે થાઉં દેખતી, અણ દીઠે તો આંધળી ભીત,
જન્મી એ રીત... ... ... સાથે રાખો.
મેં તો સ્નેહ તોડયા સહુ લોકથી, બાંધી તમ સંગે પુરણ પ્રીત

ચોરાયું છે ચીત... ... ...સાથે
જમવું જીવન તમથી જુદા પડી, હોય વિધવિધનાં પકવાન
તે વિષનાં સમાન... ... ...સાથે રાખો,
કરીએ ભોજન તમ સંગે ભાવથી, હોય કેવળ શાકને પાન,
તે મેવા સમાન... ... ...સાથે રાખો.
પડશે તડકાને તાપ વૈશાખના તે તો જાણીશ ચંદ્ર પ્રકાશ,
રહી તમ પાસ... ... ...સાથે રાખો.
મુજને મેલીને પંથ પધારશો, આવી મળવાની ધરશો ન આશ
નિશ્ચે પામું નાશ... ... ...સાથે રાખો.
કરતી વાત હળી પડી પરણીએ, સતી જાનકી થઇ નીરાશ,
કહે લેતી શ્વાસ... ... ...સાથે રાખો.
દયા કરી દેવ દલપતરામના, સતી સીતાને દેખી થયાં ઉદાશ,
જતાં વનવાસ... ... ...સાથે રાખ્યાં સ્નેહથી.

રામચંદ્રજીએ સીતાજીને કાગળ લખ્યો તેનું-ધોળ,

સ્વસ્તિશ્રી પુર લંકા સોહામણી, જ્યા રાજે છે જનક કુમારી,
રહો અખંડ એવાતણુ તમતણું, એવી આશીષ વાંચો અમારી.
ગોરી દૈવના જોગે જુદાં પડયાં, પણ પ્રાણ મારા તુજ પાસ;
એશું બાગ બગીચે કે બંગલે, રહું તમ વિના અધિક ઉદાસ.
તારો સ્નેહ ઘડીએ ઘડી સાંભરે, તારો ભાવ ભુલ્યો કેમ જાય,
તારા હેતથી હૈડું ભરાય છે, તે તો લેખનથી ન લખાય
મારે અર્થે તમે બાળપણુ થકી, તજ્યો સઘળો પીયર પરિવાર.
મારાં લેશ વચન નહિ લોપિયાં, નથી કોપિયાં કદીએ લગાર.
તારી નમ્રતા અમ્રતથી ગળી, વળી શોભીતો શાન્ત સ્વભાવ.
જેથી મનની ઉદાસી તુરત મટે, તારા બોલનો એવો બનાવ.

ગોરડિ તારા ગુણ કેમ વીસરે, કેમ વીસરે વીલાપ ભર્યાં વેણુ.
હેતે હરતુ વદન તારૂ વનીતા, મારાં નીરખવા તલપે છે નૈણ.
દિવસે તુજ વિના દિલમાં ગોઠે નહી, પીવું પાણી કે જમવું અનાજ
રાતે રોઇને આંખ્યો રાતી થઇ; લોક પુછે તો આવે છે લાજ.
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી, કાલે ભાંગશે ભવના વીજોગ.
જેથી રીજે આપણુને જગપતિ, એવો અહોનિશ કરજો ઉદ્યોગ.
જે જે વૃદ્ધ પડોશીયો શુદ્ધ છે, તેને પ્રીતથી કહેજો પ્રણામ,
વીભીક્ષણ મારા મીત્ર પવીત્રને, કહેજો જરૂરતું હોય જો કામ.
જોઇતી વસ્તુ જરૂર મંગાવજો, કશી વાતે મુઝાશો ન મન.
કાલે દેખીશું દીવસ આનંદના, જાશે વીસરી દુઃખે ભર્યા દન.
જે જે પ્યારી તમારી સાહેલીયો, તેને પણ મારા કહેજો જુહાર.
સાસુ સસરાની આશીષે સુંદરી, મળશું ભામની ને ભરથાર.
વધે સ્નેહ ને સંપ સુજન સાથે, તેવી તન મન રાખજો ટેવ.
અમે થોડી અવધે હવે આવીશું, એમ લખે દલપતરામનો દેવ.

—કૃષ્ણજીના દશ અવતારનો ગરબો—

કૃષ્ણ કનૈયાને જઇ મળોરે, હરી હઇયાના હાર મારા વ્હાલા
પહેલે રૂપે શ્રીહરીરે, ધર્યો મચ્છા અવતાર મારા વ્હાલા.
શંખાસુરને મારીયોરે, આપાવ્યા બ્રહ્માના વેદ, મારા વ્હાલા.—કૃ૦
બીજેને રૂપે શ્રીહરીરે, ધર્યો કચ્છા અવતાર મારા વ્હાલા,
કચ્છે તે સાગર ડોળીઓરે, ચૌદ રત્ન કાઢયા બહાર; મારા વ્હાલા—કૃ૦
ત્રીજે ને રૂપે શ્રીહરે, ધર્યો વરાહ અવતાર મારા વ્હાલા,
પૃથ્વી દાંતમાં ઘાલી લાવીયારે, ગઇતી રસાતાળ, મારા વ્હાલા—કૃ૦
ચોથેને રૂપે શ્રીહરીરે, ધર્યો નૃસીંહ અવતાર મારા વ્હાલા,

હીરણ્યાકશ્યપને મારીયોરે, પ્રલ્હાદની કીધી સહાય મારા વ્હાલા-કૃ૦
પાંચમે રૂપે શ્રીહરીરે, ધર્યો વામન અવતાર મારા વ્હાલા,
બળી પાતાળે ચાંપીઓરે, આપ થયા છડીદાર મારા વ્હાલા-કૃ૦
છઠ્ઠે ને રૂપે શ્રીહરીરે, ધર્યો ફરશુરામ અવતાર મારા વ્હાલા,
ફરશુરામે ફરશી ફેરવીરે, કાપ્યા સહસ્રાર્જુનના હાથ મારા વ્હાલા-કૃ૦
સાતમે ને રૂપે શ્રીહરીરે, ધર્યો રામ અવતાર મારા વ્હાલા,
રામે તે રાવણ રોળીયોરે, દેવોને કીધું સુખ મારા વ્હાલા-કૃ૦
આઠમે ને રૂપે શ્રીહરીરે, ધર્યો કૃષ્ણ અવતાર મારા વ્હાલા,
કૃષ્ણે તે કંસને મારિયોરે, આપ્યું ઉગ્રસેનને રાજ મારા વ્હાલા-કૃ૦
નવમે ને રૂપે શ્રીહરીરે, ધર્યો બુદ્ધ અવતાર મારા વ્હાલા,
દશમે ને રૂપે શ્રીહરીરે ધરશે કલંકી અવતાર મારા વ્હાલા-કૃ૦
કાલીગાને મારશેરે, કમળા કેરા કંથ મારા વ્હાલા-કૃ૦

નરસીંહ મહેતાની હુંડીનો ગરબો:—

મારી હુંડી સ્વીકારો મહારાજરે, શામળા ગીરધારી;
પ્રભુ એક તમારો આધારરે. શામળા ગીરધારી-શા૦
પ્રહેલાદની પત રાખવા, ધર્યું નરસીંહ રૂપ;
થંભથકી વ્હાલો પ્રગટીયારે. વહાલે માર્યો હીરણાકસભુપરે-શા૦
નીભાડામાંથી બળતાં ઉગાર્યાં, બીલાડી કેરા બાળ,
ટીટોડીના વ્હાલે ઇંડા ઉગાર્યાં, હરી હેતે થયા રખવાળરે.-શા૦
વાણીયાને વીમાસણ કરી. ને મંગાવ્યો માટીનો આહાર;
ખાંડણીયામાં બાળક ખાંડીયો, તમારી મરજી પ્રમાણે મહારાજરે-શા૦
રાણાજીએ કાળ વધારીયો, મીરાં કારણ મહારાજ,
ઝેર ધોળ્યાં તે અમૃત કર્યાં તમે, ઝેરના જારણ હારરે.-શા૦
ગંગેવ કેરે કારણે ચક્કર ધરીયું હાથ,

સુધન્વાને કારણે તમે, તેલમાં તળાયા નાથરે-શા•
શીખીરાજની માટી-છાબે, તોળાણી, ખાલી કર્યાં શરીર;
ધર્મ ફેરે કારણે તમે, કોલા, કે'વાણા મહારાજરે.-શા૦
સાડા ત્રણસો ખોડલાં નાગરનાં, જુનાગઢ મોઝાર;
તેમાં નથી મારે નોતરૂં, મને, નાતે દીધો તીરસ્કારરે.-શા•
ઝુંપડી તારા સેવકની, જમવા નથી જાર;
બેટી બેટા તો વળાવીયાં હવે, વળાવી ઘરની નારરે-શા•
ગરથ તો મારે ગોપીચંદનનું તુલસી હેમનો હાર;
સાચું ઘરેણું મારે શામળો મારી, દોલત તે ઝાંઝને પખાજરે-શા૦
હું નથી મોટો લાખુ પતી, હું નથી શેઠ શાહુકાર;
નરસીંહ મહેતાની વીનતી હું તો, નાગરમાં છું કંગાળરે-શા૦
શેઠ તો દ્વારકાંપુરી વશે, શામળશાહ જેનું નામ;
હુંડી લેજો હાથમાં મોહન, કરજો પછી બીજું કામરે-શા•
તીરથવાસી ગામમાં ફરે, પુછે નામ ને ઠામ;
ગલીએ ગલીએ ફરી વળ્યા, અહીં નથી શામળશાનું નામરે-શા•
ધુતારે ધુત વિદ્યા કરી, અમને કહેતું હતું બધું ગામ;
ઠગારે કરી ઠેકડી, અમારે પુર્વ જન્મના પાપરે-શા•
તીરથવાસી ગામમાં ફરી, નીકળ્યા ઝાંપા બાર,
ત્યારે રૂપ લીધું વા'લે વણીકનું, વા'લો શેઠ થયા તત્કાળરે-શા•
કાને કુંડળ જળહળે એના. તેજ તણો નહીં પાર;
બાંએ બાજુબંધ બેરખા, હરીને હૈયે છે હેમના હારરે-શા•
હુંડી લાવો મારા હાથમાં, શામળશા' મારૂ નામ;
હંમેશા લખજો હુંડીયું, કે'જો વાણોતર સરખુ કામરે-શા.
હુંડી હાથો હાથ આપી, વા'લે પુરી હઇયાની હામ;

નરસીંહમહેતાનો સ્વામી શામળો, વા'લે નવખંડમાં રાખ્યું નામ.
મારી હુંડી સ્વીકારો મહારાજરે શામળા ગીરધારી
માથે ધણી ધર્યો કીરતારરે શામળા ગીરધારીરે
મને કોઇની નથી પરવારે શામળા ગીરધારી
મારે શામળીયા જેવો સરદારરે શામળા ગીરધારી
તમે શામળીયા લેજો સારરે શામળા ગીરધારી.

ઓધવજીનો સંદેશો [૧ લો]—રાગ ગરબી—

ઓધવજી અમ સાથે રસિયો રૂઠણો. રીસાયા કેમ કહોને દિલની વાતજો;
આટીને ધુટી તો નવ અમે જાણીએ મોહનજીના મનમાં મોટી ઘાતજો.
લક્ષણ સૈ જાણ્યાંરે લોભી લાલનાં ગુણવંત છે પણ ગાયોના ગોવાળજો.
આહિરડો શું સમજે રસની રીતમાં, કાનુડો કાંઇ કુંડા ચઢાવે આળજો;
જીવન સંગે રમવા જોબન જાળવ્યાં બાળપણુમાં ખાંતે કરતા ખેલજો,
મનડાની વાતોરે સૈ મનમાં રહી મેલી ગયા કાંઇ દુખડા કેરી હેલજો;
વચને અમે વાહ્યારે એ વિઠલે જાતાં જાતાં જાુડો દીડો ફાલજો;
છોકરડા સરખેરે અમને છેતર્યાં તજી ગયો એ તસ્કરનો શો તોલજો;
મહિયરિયે જાઉં તો મુજને ખીજવે સાસરિઆમાં સાસુનો સંતાપજો,
નહાની તે નણુદલરે ભાખે ઓલડે પુરણ લાગ્યાં પાડોસણુના પાપજો;
દુખડાંની વેળાએ સુખડાં સાંભરે અંત સમે તો કોઇ ન આવે કામજો;
સગપણ તો સોનુંરે પીતળ પ્રીતડી વહાલપણામાં વેર કરી ગયા શ્યામજો;
દયા નવ આવીરે દિલથી ઉતર્યાં દાસીનો તો દોષ ન જાણ્યો કાંયજો,
પરમેશ્વર જાણીને પ્રીતે પૂજતાં, હરિજીને અમે હાથે કરતા છાંયજો.
ભણુકારા વાગે છે ભોજન પીરસતાં. જમણુ કરીને હરિની વાટજો;
સંસુજી પૂછેરે વહુ તમે સાંભળો રસોઇ કરતાં આવડો શો ઉચાટજો.
અવગુણને ગુણુ શારે અબળા રાંકના વાંક ઘણો પણ વનિતા સંગ શું વેરજો;
રઘુનાથજીનાં સ્વામીને કહેજો એટલું ઘણી થઇ હવે પ્રભુ પધારો ઘેરજો.

ઓધવજીનો સંદેશો (બીજો)—રાગ ગરબી

ઓધવજી સંદેશો કહેજો શ્યામને મારા સમ જો મૂકી મનનો મેલજો;
કાનુડો કપટીરે આવડો કેમ થયો છળ કરીને છેતરિયે નહિ છેલજો.
આટલા દિવસરે આવું નવ જાણતી ઘરથી ન જાણ્યા ધૂતારા ઢંગજો.
પાણીડા પીનેરે ઘર શું પૂછિયે બાળપણામાં કીધો એ શું સંગજો,
અણતેડયા જાતાંરે નંદને આંગણે વણ કરાવ્યા કરતા ઘરના કામજો,
એવેરે મિશે જઇ મળતાં કાનને પલકે પલકે કરતી હું પરણામજો,
દિવડા મિશેરે દુર થકી આવતી વનો કરીને વળતી વારંવારજો,
મોહનના મુખનારે લેતી ભીડડાં જશોદા મુજને કહેતા નિર્લજ નારજો;
માડીથી છાનારે મેવા લાવતા વાટકડીમાં દો'તા ગૌરી ગાયજો;
દુધને દહિયેરે હરિને સિંચતા મેં જાણ્યું જે જીવન મોટા થાયજો;
વેરીડાં કીધારે વ્રજના લોકને વાલા કીધા ગોપી ગિરધરલાલજો
ફુલડિયે પાંખડિયે હું નહિ કુખતી કેમ વિસાર્યું વિઠ્ઠલજીએ વ્હાલજો;
જમાડી જમતારે જીવન પ્રાણને પવન કરીને પોઢાડતી પર્યંકજો;
એવારે સુખડાંનો સુપને વહી ગયાં વેરી વિધાતાએ અવળા લખિયા અંકજો
આભૂષણ ધરતારે હરિને અતિ ઘણાં, મોર મુગટને કુંડળ ઝળકે કાનજો;
રાજની રીતિએ મોહન માલતાં, નિત્ય નિત્ય નિરખી જોતી નવલે વાનજો.
વાસીદું વાળંતા ધરતી માતનું, રખે રજ ઉડે રસિયા અંગજો.
આંખલડી આગળથી હરિ નવ મૂકતી, શા માટે હરિ તજ્યો અમારો સંગજો.
દુઃખડાંની વાતોરે ક્યાં જઇ દાખવું, કહિયે છિયે પણ કહ્યું ન માને કોયજો;
કુવાની છાંયડી તે કુવામાં સમે, તરકની માં કોઠીમાં પેશી રોયજો.
અમારા અવગુણરે હરિના ગુણ ઘણા, જોઇ નવ કરિયે વડા સંઘાતે વેરજો;
રઘુનાથના સ્વામીને કહેજો એટલું, મળવા આવો મનમાં રાખી મેહેરજો.

છોકરીઓની રમત. —:રાગ ગરબો:

તમને કઇ વહુ ગોરાં ગમશે લાલ અચકો મચકો કારેલી...અચકો.
અમને રૂપી વહુ ગોરાં ગમશે રાજ ... ...અચકો.
એ ઠીંગણીને શું કરશો રાજ... ... ...અચકો.
એ ઠીંગણી કામણગારી રાજ... ... ...અચકો.
એને ઉંચા મેડીએ બેસારશું રાજ... ... ...અચકો.
એને ટોપલો ઘરાણું ઘાલશું રાજ... ... ...અચકો.

નરસૈંમહેતાકૃત—રાગ ગરબી—

મારૂં વંદ્રાવન છે રૂડુંરે, વઇકુંઠે નહિ આવું;
નહિં આવું નંદજીના લાલરે, વઇકુંઠે નહિ આવું—ટેક૦
બેસી રહેવું ને ટમટગરે જોવું, નહીં ખાવું નહિ પીવુંરે;
વૈમાન મોકલો તો મોકલો વહેલું, હું આવીશ સૌના પેહલુંરે—વૈકુંઠે.
ઘ્રતના લોક તો છે અની કુડા, વાસી વ્રજના રૂડારે—વૈકુંઠે.
જય વિજય બે પોળીઆ હતા, તેને તતક્ષણ મેહેલ્યા કાહાડીરે;
નરસૈંયાનો સ્વામી અંતરયામી, તમે સાંભળોને સારંગપાણીરે,—વૈ

મુળદાસકૃત—રાગ ગરબી—

કયમ કરી ભરીએ આછાં નીરરે, જુમનાને આરે;
કાંઠડે ઉભા ગીરધરલાલરે, ગોપીના વહાલા—ટેક.
સોના રૂપાનો મારો ઘાટ ઘડુલો વાહલા,
ઉઢાણીએ રતન જડાવરે, ગોપીના વહાલા.
એકવાર જુમના પાણીરે મયાંતાં વહાલા,
સાથે સહીયરોની હારરે. ગોપીના વહાલા.

સાસુ ધુતારી મોરી નણુદી ઠગારી વ્હાલા.
નાનો દીયરીયો દેશે ગાળરે, ગોપીના વહાલા.
એક એક મોતી મારૂં લાખ સવાખું વહાલા,
પરોવ્યું છે તે સોના કેરે તારરે ગોપીના વહાલા.
વળગા જુમી તમે ન કરોને સ્વામી,
મારો તૂટશે નવસર હારરે, ગોપીના વહાલા.
તાણો માં તાંણો મારો હાર તુટે વાહાલા,
મોતીડાં વેરાયાં માણેક ચોકરે ગોપીના વાહાલા.
માથે મટુકી હું તો વન વન ફરતી વહાલા,
દેખે મારા મહીઅરીઆનાં લોકરે ગોપીનાં વહાલા.
મુળદાસ કહે પ્રભુ મોહન મળીયા વહાલા,
પુર્યા મારા મનડાના કોડરે, ગોપીના વાહલા.

રૂગનાથકૃત—રાગ ગરબી—

નવા નંદ ગામના ગોવાળીયા; માંહે નંદકુંવર સરદાર;
સહુ આવ્યા સાંકડી પોળમરિ ત્યાં રોકી રાધા નાર–નવા.
કહાને ગોવાળાને એમ કહ્યું, એને સહુ મળી લો સંકેત;
માંહેથી જવાના પામે જુવતી, એતો ફરી ફરી દગો દેત–નવા.
મારી હાર તોડી નાંખુ નારના ફોડુ મહીડા કેરૂ માટ;
મારે ઘણા દહાડાની દાઝ છે, આપણી ઓળંગે છે એ વાટ–નવા.
ઘણુ ચોરી કરીને ઘર ભર્યું છે, આજ ભલી આવી છે હાથ
રૂગનાથના સ્વામીને કેહેવાને, સહુ ભરી લઇશું સંગાથ–નવા.

રૂગનાથકૃત—રાગ ગરબી—

મારો મારગ મેહેલોને માવજી, તમે જવાદો જદુનાથ;

માટ મહિડાનું ભારે થયું, મારો જાય સધ્યરનો સાથ-મારો.
કેમ રોકી રહ્યા છો કહાનજી, કાંઇ શું કરવું છે કામ;
મારો પાલવ મેલો પાતળ, અળગા રહો સુંદર શ્યામ-મારો.
દાણ દધિનું જાણ્યું નથી, નવું નહિ થાય આજ;
પરનારિને નવ રોકીએ, કપરૂ છે કંસનું રાજ-મારો.
ગેડી ગોવાળે ઉંચી કરી ત્યારે જોડયા ગોપીકાએ હાથ;
રૂઘનાથના સ્વામી શામળા, મારૂ જાણે જગનાથ-મારો.

રૂગનાથકૃત—રાગ ગરબી—

તુંને જાવા નહિં દેઉં જુવતી, દાન લીધા વિના આજ;
શાને વાત કરે વઢવા તણી, મને વહેવારમાં શી લાજ-તુને
ગોપી ત્યાં હરખી વા વાહ પીઉ, લાવો લાવો કરે તે કોક;
રાજ કંસરાયનું કેટલું, મારો અમલ છે ચઉદ લોક-તુને.
તુ અજાણી થઇ ગોપીકા, મારૂ નવ દીધું તેં દાણ;
ચાર જુગમાં નંદરાયનું, દાણ ગોરસનું પરમાણ-તુને.
મેં ઘણી ઘણી દીઠી ગોવાલણી, કંઇ તુજ સરખી નહી કોય
રૂઘનાથના પ્રભુને છેતરી, કેવી જાય છે આજ જોય-તુને.

રૂગનાથકૃત —રાગ ગરબી—

અલ્યા વેગળો રહે વરણાગીયા, મેં જોયું તારૂં જોર,
કંસ સારૂં નાશી આવીયો, થઇ રહ્યો નંદકીશોર-અલ્યા૦
આશા અભિમાને બોલવું, કંહાન કીજે નહિ મોટાઇ;
કુલ અજાણ્યા આમળ હાંકીએ, વાહલા હું નહીં જાઉં વહાઇ-અલ્યા૦
વાત જવાદે ને દાણની, પીઓ તો ગોરસ પાઉં;
તમે નવરા છો નંદલાલજી, હું મારગ ખોટી થાઉં-અલ્યા૦

મહિ મીઠાં બોલે તો મળે, વાહલા રૂઠવાની શી વાત;
રૂઘનાથના સ્વામી શામળા, મળીશું માઝમ રાત—અલ્યા.

દયારામકૃત —રાગ ગરબી—

કાનુડો કામણગારો................સાહેલી આતો.
કાનુડો કામણગારો રસ ભર્યો ને રૂપાળો,
આશો આંબલડીનો ચાળોરે. સાહેલી આતો.
રંગ રાતો મદ, માતો, વાંસળીમાં ગીત ગાતો,
નયણાંશું કરે વાતોરે..........સાહેલી આતો.
જળ જમુના ગઈતી પાણી, પ્રેમ પીડા ભરી આણી,
ઘેલી થઇ હું આવી છાનીરે...સાહેલી આતો.
તેં કહ્યું તે મેં ન માન્યું, આજ મારા જાતેજ આણ્યું,
આવડું મેં નો'તુ જાણ્યુરે...સાહેલી આતો.
બેહેની તારે પાયે લાગુ, વહલા વીના ઘેલું લાગ્યું,
દયાનો પ્રિતમ માગેરે......સાહેલી આતો.

નરસૈ મહેતાકૃત-પ્રભાત—રાગ ગરબી—

જાગોરે જસોદાના જીવણ, વહાણલાં વાયા,
તમારે ઓશીકે માગં ચીર ચંપાયાં—જાગોરે.
પાંશુરે મરડો તો વા'લા ચીર લેઉરે તાણી,
સરખી સમાણી સહીયરો સાથે, જાવું છે પાણી—જાગોરે.
પંખીડા બોલેરે વહાલા, રજની રહી થોડી,
સેજલડીથી ઉઠો વહાલા, આળશડાં મોડી—જાગોરે.
સાદડી પાડું તો વાહલા, લેકડીઆ જાગે,
અંગુઠો મરડું તો પગના ઘુઘરા ગાજે—જાગોરે.

સાસુડી જાગેરે, વેરણુ નણુદી જાગે,
ઓ પેલી પાડોસણને ઘેર વલોણું વાગે—જાગોરે.
જેને જેવો ભાવ હોય તેને, તેવું થાયરે,
નરસઇઆના સ્વામી વીના રખે વહાણુલુ વાએ—જાગોરે.

દયારામકૃત સ્તુતી —રાગ ભજન ગરબી—

શ્રી વલ્લભ વિઠલ શ્રીજી સ્વામી શામળીયા વા'લા,
સઘળુ સમજો છો અંતરજામી ....નંદલાલરે.
ભય તો લાગે છે મુજને ભારિ, શામળીઆ વા'લા;
અંતકાળે શી વલે થશે મારી..........નંદલાલરે
સેવા સ્મરણુ ના ભાવે કીધું શામળીઆ વા'લા;
રંકસાધુને દુખ દીધું................નંદલાલરે.
વેદધર્મને વીસર્યો, શામળીઆ વા'લા............
અવગુણુ ભર્યા છે મુજમાં સારા........નંદલાલરે.
સહુ જાણે છે ભક્ત સાચો સામળીઆ વા'લા;
પાખંડી પાપી નથી કાચો...........નંદલાલરે.
બાંહય ગ્રહ્યાની લાજ ધરજો શામળીઆ વા'લા;
પીડા ન પામુ એવું કરજોરે...........નંદલાલરે.
સન્મુખ લોચનમાં આવી રહેજો. શામળીઆ વા'લા.
દોષ ન જોશો દરશન દેજો...........નંદલાલરે.
શ્રી મુખ બોલ્યા તે સાચુ કરજો, શામળીઆ વા'લા;
દુઃખ દયાના સરવે હરજો...........નંદલાલરે.

દયારામકૃત —સ્તુતી રાગ ભજન ગરબી—

સર્વ તજીને ભજીયે શી ગોવિંદને,

જે નારાયણ નોધારાના આધારજો;
ભાગે સંકટ કુડારે સંસારનાં,
જેના નામે ઉતરીયે ભવપારજો—સત્ર.
અપર માને વચને ધ્રુવજી વન ગયા;
નારદજીએ દીધો છે ઉપદેશ જો;
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય તે મનમાં આણીયાં.
પ્રભુ ભજ્યા કાંઈ ત્યાં જઇ બાળે વેશજો—સર્વ.
દૈત્ય પુત્ર પ્રહ્લાદજી આગે થયા,
લાગ્યો છે કાંઈ પિતા પુત્રનો વાદજો;
સ્તંભ થકી પ્રગટયારે નરસિંહ રૂપ ધરી.
શ્રી મહાપ્રભુજીએ કીધો તેને સાહાયજો—સર્વ.
લાખાગ્રહમાં પાંડવને આવી મળયા,
ભક્તજનોને દીધી છે, ઘણી ધીરજો;
સ્મરણ પહેલાં આવ્યા છોરે તમે સદા.
ભક્તજન ઉગાર્યા પાંચે વીરજો—સર્વ.
સુદામાનું દરિદરપણું તો જાણીયું,
મુષ્ટિક તાંદુલ આરોગ્યા મહારાજજો;
દાસ દયાના પ્રભુજીએ કરૂણા કરી;
ભક્ત જનનાં કીધાં કોટીક કાજજો—સર્વ.

અધ્વર્યુકૃત પંદર તીથી-લો. મા. તીલકનો—:ગરબો:—

પડવે, શું શૂરવિર સિંહ સિધાવ્યારે,
ઓ કેશરી હિંદ કુમાર શું તલસાવ્યારે.
બીજે, બળાપો થાય થયા શું વિયોગીરે,

અદૃશ્ય થયા શું આપ ભારતના ભોગીરે.
ત્રીજે, તિલક વીર હિંદનો હીરોરે,
ગુમાવ્યો નર ને નાર મળે ક્યાં વીરોરે.
ચોથે, તે ચતુરાઈ તરીતી ઝાઝીરે.
જગાવીઓ ભારત દેશ રહ્યો આખો ગાજીરે,
પાંચમે, પ્રાક્રમ તમારૂં સાલેરે,
હિણભાગી કીધો દેશ કો'ને હવાલેરે.
છઠ્ઠે, છેતરી છેહ અમને દીધોરે.
સ્વરાજ્યની આપી આશ પ્યાલો પીધોરે,
સાતમનું, તે સત્ય શુભ -કીધુરે.
દીગ વિજય કરવા કાજ બીડું લીધુરે,
આઠમે, તો આશ મોટી રાખીરે.
યાહોમ કરી સરવસ્વ પ્રેમ રસ ચાખીરે,
નોમે, રત્ન નર નમેરા કીધારે.
દુઃખ વેઠ્યાં દેશને કાજ ક્યાં સીધારે.
દશમે, દાવાગ્નિ ઉર સળગ્યોરે,
વાદળ રૂપી એ યમ વેરી વળગ્યોરે.
એકાદશી, જે વ્રત છે કૃગ હારીરે.
વ્રત કરવા ક્રિયે દેશ ગયા ગુણશાળીરે.
બારસે, બેડી ધરી દેશ માટેરે,
ખટ વર્ષ રહ્યા શું કેદ સત્યને સાટેરે.
તેરસે, ત્રણ વાર જેલ મહેલ શોભાવીરે,
લજાવવા તનના ટેક ગયા સૌ હારીરે.

ચૌદશે, ચિંતવન તમારૂં કરીયેરે,
દીન રજનીને ક્ષણક્ષણ, ધ્યાન તો ધરીયેરે.
પુનમે;* તુજ પ્રેમ રદયમાં રાચેરે,
વાર સમસ્ત પાકો દેશ મણી. એ યાચેરે.

પ્રીતમકૃત—રણછોડજીની ગરબી:—

ધન્ય ડાકોર રૂડું ગામ. વસે મારો વહાલોરે;
શામળીઓજી ચતુર સુજાણ, તેને જોવા ચાલોરે.
બહુ બોડાણાની પ્રીત, પ્રભુજી પધારયારે;
અહીંઆં આવી ઉત્તમ કીધા કે, અધમ ઓધારયારે.
ઘણા પાપી તે પાવન થાય, દરશન કરનારે;
દુઃખ જન્મ મરણનાં જાય, સામા ડગ ભરતારે.
એવો આનંદ રૂપી અખંડ, અંતરજામીરે;
વહાલો પ્રેમ તણે વશ થાય, પ્રીતમનો સ્વામીરે;
એતો ભકત તણે વશ થાય, પ્રીતમનો સ્વામીરે,

શ્રી રણછોડજીની પંદર તીથીઓ—રાગ ગરબી—

સખી પડવે, પુરણ બ્રહ્મ, જે કોઇ જાણેરે,
રૂડો રણછોડજીનો ધર્મ વેદ વખાણેરે;
સખી બીજે, બોડાણોજી બોલ બોલ્યા એવારે,
રાખશો તો રહેશે તોલ, ઉપજે એવારે.
સખી ત્રીજે, તે તુલસીનાં વન પ્રભુજીને પ્યારાંરે,
હાથમાં વાવે હરિના જન, શોભે સારારે.
સખી ચોથે, ચાલ્યા જાય, વસતી વાટેરે;
રૂદીયામાં રણછોડરાય, મળવા માટેરે.

સખી પાંચમે, પગીયા પંથ, તડકા તનમાંરે;
સેવા કરે હરિના જન, મોહ્યા મનમાંરે.
સખી છઠ્ઠે, છાપાં અંગ, ધણિના ધરીયાંરે;
રાખે રૂદિયા સાથે રંગ, હવે મન હરીયારે.
સખી સાતમે, સુંદર શ્યામ, મોહન મળીયારે,
હું તો આવીશ તમારે ગામ, ફેરા ફળીયારે.
સખી આઠમે, જોડી વહેલ, બળવંત બેઠારે.
પુરવ દેશમાં કરી મહેર પંથમાં પેઠારે,
સખી નોમે, નમવા જાય, આણી રાખેરે;
સેવક સુતા સાંગીમાંય, હરી રથ હાંકેરે.
સખી દશમે, આવ્યા ડાકોર, હરજી રસીયારે,
તે ઠેકાણે ઠાકોર, વ્હાલો મારો વસીયારે,
સખી એકાદશી, ના દન, ગુગળી ઘેરયારે;
મધરાતે આવ્યા મહારાજ, હેરણુ હેરયાંરે.
સખી બારસે, બાંધ્યા છે બંધ સેવકથી છાનારે,
સોનું તો સવા વાલ પુંજીમાં પામ્યારે,
સખી તેરસે, ગુગળી ઘેર, પાછા ફરિઆરે,
મધરાતે આવ્યા મહારાજ, કારજ સરીયારે.
સખી ચઉદશે, ચરણામૃત પ્રેમે પીધારે,
હરી કહણુ નંદલાલ સદેશા ન કીધારે.
સખી પુનમે, પુજા થાય, શોભા સારીરે,
દરસન કરવાને જાય, નરને નારીરે.
સખી પંદર તથો સાતવાર, જે કોઇ ગાશેરે,
તેને મળશે દ્વારકાનો નાથ વૈકુંઠ જાશેરે.

મીરાંબાઇ—રાગ ગરબી—

વાટ જુવે છે મીરાં રાંકડી, ઉભી ઉભી—વાટ૦
મુનીવર સ્વામી મારે મંદીર પધારોરે;
વા'લા સેવા કરીશ દીન રાતડી, ઉભી ઉભી—વાટ૦
ફુલના તે હાર ને ફુલના તે ગજરારે,
ફુલના તોરારે ફુલ પાંખડી ઉભી ઉભી—વાટ૦
સુંદર પકવાન મીઠાઇયોને મેવારે,
ઘેબર જલેબી તલ સાંકળી ઉભી ઉભી—વાટ૦
લવીંગ સોપારીને પાનના બિડલાંરે,
એલચી દોડાને તજ પાંખટી, ઉભી ઉભી—વાટ૦
સાવ સોનાના સોગઠાં ઢાળ્યારે,
રમવા આવો તો જાય રાતડી, ગીરધરના ગુણ,
જોતાં ઠરે છે મારી આંખડી ઉભી ઉભી—વાટ૦

—રાગ ગરબી—(શંકર વર.)

આજ મારે ઘેર સોહેળોરે, શંકર આવ્યા બાર,
ઊમયાએ તપ માંડીયા, વરૂં શિવશંકર ભરથાર,
શંકર વર સજ કરો.—(ટેક)
ઊમયા ઉભાં તપ કરેરે, જોવા આવ્યા ઈશ,
મહા વનમાં તપ માંડીયાં, તેને વહી ગયા જુગરે પચીસ,—શં૦
મેં તમને વર આપીયોરે, ઊમયા જાઓને ઘેર,
મેનાને મંદીર વસો, મારે કરવી છે કંઇએક પેર—શં૦
ઊમયા ઉઠીને આવીયારે, માને લાગ્યાં પાય,
મેના મા મેં વર વરયો જેને ચૌદ ભુવન મુખમાંય—શં૦

મેના મુખથી બોલીયારે, સાંભળ ગવરી વાત,
ભીખારીને શું વરાં, એની કેઇ નથી જાણતું જાત—શં૰
ઘરડો જોઇ લાજાં નહીરે, બોલાં મુખથી વાણ,
બીજો વર હું નહીં વરૂં, શિવશંકર પાખે જાણુ—શં૰
વૃદ્ધ વૃષભે ચડી આવીયોરે. જોગી સરખું રૂપ,
એ વરને તું શું વરાં, બીજા છેરે ભુતળમાં ભુપ—શં૰
વાઘાંબર શિવ હોડણેરે, મસ્તકે બ્રહ્મ કપાળ,
નાગ હાર હારાવળી શિવ, કંઠે સોહયે રૂંઢમાળ—શં૰
જટાજુટ ભસ્મે ભરયોરે, અંગે વીટયા નાગ,
મેના મનમાં લાજીયાં, એને નથીરે દીધાનો લાગ—શં૰
મેના મુરછાંગત હવારે, પડીયાં ધરણી હેઠ.
ઉમયાએ મન વિમાસીયું, મારે કરવી તે કંઇ એક પેર—શં૰
ઉમયા કહે સુણો નાથજીરે, મેના થઇ છે મૂઢ,
તુજને કો જાણે નહીં, તારૂ આદ અંતર તે ગૂઢ—શં૰
ઉમયા કહે સુણો નાથજીરે. કરોની રૂપ પ્રકાશ;
પુરમાં જોવા સહુ મળ્યાં. તારી થાયરે જગતમાં હાંસ—શં૰
વચને રૂપ પ્રકાસીયુંરે, સુરજ કોટી પ્રકાશ;
સોળ કળા શશી જગમગે. ગંગ મસ્તકે લીધો વાસ—શં૰
શંકર નામે સાંભળ્યો રે, વસે તે વાસ કૈલાસ;
કાને કુંડળ ઝળહળે, ઊર કૌસ્તુભ મણિનો હાર—શં૰
મેં તુંને જાણ્યો સદારે, ઓળખીયો એણીવાર;
વચને વિશ્વંભર થયા, જોઈ હસવાને લાગી નાર—શં૰
શંકર સજ થઇ આવીયારે, ઉભા તોરણબાર;
મેનાં મનમાં હરખીયાં, હવે છેરે દીધાનો લાગ—શં૰

બાંધી લીધા પદમનીરે, પીઠી નાખી ચાર;
નાક સાહી વર નરખીયારે, જીરે બેસણુ સુનાનાં પાટ—શં૰
કન્યાએ કાંકણ પેહેરીયારે; પડી પાનેતરે માંહ;
અંતર પટ આડે ધરયા જીરે, હોંશરે નંબોળે છાંટ,—શં૰
ઉમયા શંકર પરણીયારે, પોતાં મનમાં કોડ;
કૃષ્ણબાઇ ચરણે નમે, મળી સરખેને સરખી જોડ—શં૰

નરસૈંમેહુતા કૃત—દાણલીલાની ગરબી—

હરિ દાણ માગેરે દાણ માગે, હરિ તારી મીઠડીના બોલ બાણ વાગેરે.
હાંરે કાન કીયા મુલકનો સુબો, હારે કાન મારગ વચ્ચેં ઉભોરે.
હાંરે કાન કિયા મુલકનો રશીયો હારે મારા મારગ વચ્ચે વશિયોરે
હારે કાન કિયા મુલકનો દાણી, હારે મારી નવરંગ ચુંદડી તણીરે
હાંરે કાન કિયા મુલકનો મેહેતો, હાંરે કાન મારા મારગ વચમાં રહેતોરે
હાંરે કાન જળ જમુનાંને આરે, હારે એમાં કોણ જીતે ને કોણ હારેરે
હાંરે કાન એમાં નથી સાકર નથી મેવા, હાંરે ખાટી છાશમાં શું આવ્યો લેવારે
હારે મહેતા નરસઇના સ્વામીને વારી, હારે ગૌ, ગોવાળીયામાં ચારીરે

પ્રીતમ કૃત—રાગ ગરબી—

ગરજીરે તમને દીઠા તે ગીરધારી, મનલબીયા છો મોહન મોરારી—ગરજી
મનેરે માયા લાગી છે તમારી, મારે મન ગ્રાઝી છે મોરારી,
વાલારે મને શા માટે વિશારી... ... ...ગરજી
પહેલીરે મને ખબર આવી પડતી, એની સાથે પ્રીત નહીરે કરતી,
વા'લા તો મને મેલી ગયા રડતી... ... ...ગરજી
મેતોરે જાણ્યું ઉજળું તે દુધ હશે, તેનેરે બાને વાલ્યા મને છાશે,
રહીતી હું તો તારે વિશ્વાસે ... ...ગરજી

જસોદાના કાન તમેરે કાળા, કર્યાંરે બહુ આંખ્યો તણા ચાળા,
તે પર હું તો મોહી છું નંદલાલા ... ...ગરજી.
હવેરે હરજી ઘણું થયું ગીરધારી, ક્ષમા કરો ચુક થઈ છે મારી,
થઈને રહી છું દાસી હું તમારી... ... ...ગરજી.
પ્રીતમના સ્વામી મને મળીયા, દુઃખરે મારા જનમ તણાં ટળીયા,
ગોપીરે સહુ આનંદથી મળીયા... ... ...ગરજી.

—ગરબી—

માથે મટુકીને મહીડાંની ગોળી, મહીરે વેચે ચંદ્રાવળીરે;
વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેલડો સાહી રહ્યોરે–માથે.
મેલો મેલો કા'નજી જવા દો જાદવજી, અમથેર સસરો રીસાળવોરે;
તમારા સસરાને બીજ વહુ આરૂ આણીઆલુ તમથી ઘુંઘટ તાણે અહંકારે–
વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેડલો સાહી રહયોરે,
મેલો મેલો કનજી જવાદો જાદવજી, અમથેર સાસુ રીસાળવારે,
તમારી સાસુને બીજી વહુઆરૂ, આણી આલુ તુમથી પાયે પડે અહંકારે–
વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેડલો સાહી રહયોરે;
મેલો મેલો કાનજી જવાદો જાદવજી, અમથેર જેઠ રીસાળવારે.
વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેડલો સાહી રહયોરે;
મેલો મેલો કાનજી જવાદો જાદવજી, અમથેર દીયર રીસાળવારે,
તમારા દીયરનેરે બીજી ભોજાઇ આણી આલુ. તમથી હેરી ખેલે અરકરીરે–
વેચંતી સાચંતી નગરમાંરે પેઠી, કાનુડો છેડલો સાહી રહયોરે;
મેલો મેલો કાનજી જવા દો જાદવજી, અમથેર નણદી રીસાળવારે,
તમારી નણદીને બીજી ભોજાઇ આણી આલું, તમથી માથા ગુંથે અહંકારીરે–
કડવે વચને ગોપીઓ એમ બોલે, મેલો મેલો મારો પાલવ નીલંજરે
દુર્જન દેખે તમે નહી લાજો, છાતી તડુકે મહારીરે–માથે.

તોયે ન સમજે છોગાળો છબીલા, પાલવ ઝાલી ઉભો રહયોરે;
ચીર ફાડી ચંદ્રાવળી નાડી, કાનુડો હાથ ધરી રહયોરે–માથે.

— રાગ ગરબી—

પાતળીયા પાલવ મેલોરે પાયે પડું છું, છબીલા છેડો મેલોરે, પાયે પડુ છું,
વા'લાજી મારા વંદ્રાવનની વાટે જાતાં, શીદ મને નડોછોરે, પાયે પડુ છું.
વા'લાજી મારા છલકાશે મારૂં બેડું, કોઇ જોઇને કહેશે ભુડુંરે પાયે પડુ છું.
વા'લાજી મારા કામ ઘણું છે ઘેર મારે, શું રોકો જુમના આરેરે, પાયે પડુ છું.
વા'લાજી મારા લોક જાણે એવું લારૂં, અમે સાસુની વહુવારૂંરે પાયે પડુ છું.
વા'લાજી મારા કંથને કપરો જાણો, કાંઇ સજા દે પરમાણોરે, પાયે પડુ છું.
વા'લાજી મારા સ્વામી રવીદાસના સોહાગી, મને માયા તારી લાગીરે, પાયેપડુછું.

મહાકાળીનો ગરબો

પાવાતે ગઢથી ઉતર્યા મહાકાળીરે,
મા પરવરીયાં ગુજરાત પાવાવાળીરે,
મા સોળ કરો શણગાર મહાકાળીરે, માની ઓઢણી ઝાકઝમાળ પા૦
માને કાંબીને કડલાં શોભતાં મહાકાળીરે, માને ઝાંઝરનો ઝમકાર પા૦
માને કાંબીને કડલાં શોભતાં મહાકાળીરે, માને દસે આંગલીએ વેઢ પા૦
માને ઝાલને ઝુમણું શોભતુ મહાકાળીરે, માને કંઠે એકાવન હાર પા૦
માને નાકે નકવેસર શોભતું મહાકાંળીરે, માને ટીલડી તપે લલાટ પા૦
માને સેંથો ભર્યો સીંદુરનો મહાકાળીરે, માનો ચોટલો વશીયલ નાગ પા૦
મા ચોસઠ બેની વેડાવશુ મહાકાળીરે, મા સાથે કેવળ વીર પા૦
મા ફુલના દડા હાથમાં મહાકાળીરે, મા પરવરીયા ગુજરાત પા૦
મા પાટણ પરગણું તાહરૂં મહાકાળીરે, મા ગુજર ખંડમા ગામ પા૦
મા શનખલપુર સોહામણું મહાકાળીરે, માનો તેને ટોડ પુર વાસ પા૦

મા સરવે મળીને કરી સ્થાપના મહાકાળીરે, માજી માનસરોવર માંય પા૦
મા કુકડીયારે સજ કર્યા મહાકાળીરે, મા થયા તે ઘડી અસ્વાર પા૦
મા કેસરી વાઘા પેહેરીયાં મહાકાળીરે, મા લીધુ ભ્રમર ભાલું હાથ પા૦
મા રમતાં રમતાં નીસર્યાં મહાકાળીરે, આવ્યા માન સરોવર પાસ પા૦
મા સાથે લશ્કર કુતકી મહાકાળીરે, આવ્યા માન સરોવર માંય પા૦
માન સરોવર તલાવડી મહાકાળીરે, તેમાં ભરીયાં નીરમળ નીર પા૦
મા ઉતરીને કીધા પોતીયા મહાકાળીરે, માએ નાહીને પીધું નીર પા૦
મા ઘોડીનો ઘોડો થયો મહાકાળીરે, મા અસ્ત્રીમાંથી પુરૂષ પા૦
માનો પટંતરો ત્યાંથી થયો મહાકાળીરે, માનો પૃથ્વીમાં મહીમાય પા૦
મા હિંદુ કેરા દેવના મહાકાળીરે, બજધારી બહુચર માંય પા૦
મા લીલા તે નેજા ફરેફરે મહાકાળીરે, આવી મૃગલા કેરી ફોજ પા૦
મા બહુચરમાં એમ બોલીયા મહાકાળીરે, અલ્યા માં લઇશ મારૂં નામ પા૦
મા મુગલે વાત મનમાં ધરી મહાકાળીરે, ચડો ચમલા કેમ ફોજ પા૦
મા બહુચર માના મૃગલા મહાકાળીરે, તે તળીયાં નાવા માંય પા૦
કુકડીયા ભોજન કીધા મહાકાળીરે, પછી ચહડી તે માને રીસ પા૦
મા મુઆ તે મૃગલા બોલીયા મહાકાળીરે, મા અસુર તણા ધડ માય પા૦
મા બહુચરમાં તમે કોપીયા મહાકાળીરે, પછે આઇ થયા અસ્વાર પા૦
મા ત્રિશુળ લીધુ હાથમાં મહાકાળીરે; મા કીધો અસુર તણો નાશ પા૦
મા કુદી ઘોડે મારીયો મહાકાળીરે; મા હાથી પાડયો એક પા૦
મા મોટો મુગલ એક મારીયો મહાકાળીરે; બીજા મુગલનો નહિ પાર પા૦
મા બળ કરી મુગલ મારીયા મહાકાળીરે: માર્યો પાચ્યાનો ભાણેજ પા૦
મા સામે થયુ સઊ એકઠું મહાકાળીરે, મા ચાલ્યા તે મુગલ પાસ પા૦
તેં મારૂં તે વાયું નવ કર્યું મહાકાળીરે, તે હાથે વસાવ્યું વેર પા૦

ત્યાં હાથ જોડીને આવીઆ મહાકાળીરે, માને લળી લળી લાગે પાય પા૦
મા સોનાના ઘડાવું કુકડા મહાકાળીરે, મા લાવું મંડપમાય પા૦
મા તારૂં દેવળ ફરી ચણાવશું મહાકાળીરે મા ઉપર ધોળી ધજાય પા૦
મા તારો ચાચર સાધશું મહાકાળીરે, મા કહે વલ્લભ કોડે બાંધશું પા૦

કંકોત્રી:—

કંકુ છાંટી કંકોતરી મોકલે, કોડે કા'ને સુભદ્રા બેન—વીરા વહેલા આવજો.
દેવ દુંદાળાને લાવજો, એ છે પાર્વતીના પુત્ર—વીરા વહેલા આવજો.
શ્રીકૃષ્ણ બળદેવ બે બાંધવા, પવીત્ર પીતા વાસુદેવ—વીરા વહેલા આવજો.
પાંચ પાંડવ દાસ તે તમતણા, હનીશ જપે તમારૂં નામ—વીરા૦
જગતજનેતા દેવકી ને રોહીણી, અજણાદેવી તમારાં માત—વીરા૦
ભત્રીજા ભલા મન ભાવના, તમ આવે થાશે સુખ ચેન—વીરા૦
રાણી રૂક્મણીરે સતી સતભામાનેયે જાંબુવંતી—વીરા વહેલા આવજો.
ભીડભંજન તમારી ભાભીઓ, સોળ સહસ્ત્ર એકસોને આઠ—વીરા૦
કંઠ જેઠ દીયરીઆને કોડ ઘણી, તમે ભવતારણ ભગવાન—વીરા૦
સાથે જાદવ સઘળાને લાવજો, બીજી ઉત્તમ વરણ અનેક—વીરા૦
વેદ વાંચતા વીપ્રને લાવજો, બીજો સર્વે કુટુંબ પરીવાર—વીરા૦
થોડું લખ્યું ઘણું કરી વાચજો, પ્રભુ નોધારાના આધાર—વીરા૦
પ્રીતીદ્રષ્ટેયે વે'લા પધારજો, શેષનાગ ન પામે પાર—વીરા વહેલા આવજો.

સમાપ્ત.

❋ ઘર ઘરનો શણગાર. ❋

❋ અસલ મોટી ❋

ચતુર સુંદર સ્ત્રી વિલાસ

❋ અથવા ❋

મનહર સરળ ગરબાવળી

મૂલ્ય માત્ર દશ આના.

આ ગરબાવળી આધુનિક સમયને અનુસરી પ્રગટ કરવામાં આવી છે જેની અંદર ગૃહસ્થ સ્ત્રીઓ અને બાળાઓને આપવામાં આવતું સંગીતનું જ્ઞાન જેને માટે કેટલીક સ્ત્રીઉપયોગી ગાયનો. ગઝલો. ગરબાઓ, વિગેરેનો મોટો સંગ્રહ કરવામાં આવ્યો છે જેમાં સિતાજીની કાંચળી. વૈદરભી વનવાસ. સત્યભામાનું રૂસણું. રાધાજીના વિવાહ. લગ્નનાં ગીત. અધરણી. મોસાળા. જનોઈ. વિગેરે વર્ણનને અનુસરી એટલી તો ઉપયોગી બનાવી છે કે તેના પ્રમાણમાં કીંમત કાંઈજ નથી સ્ટેન્ડર્ડ કાગળ ઉત્તમ આર્ટ પેપરના ટાઈટલ સાથે આજેજ મંગાવો.

મળવાનું ઠેકાણું:

"ગુજરાતી" સાહિત્ય મંદિર.

સલાબતપુરા—સુરત.

મોહિની ઉર્ફે મરીયમ

અથવા

ડાકુની દીકરી



મરિયમે એકવાર ફરીથી ચોતરફ નજર ફેંકી વિચારમાં પડી રામસિંહ અને કૃપાળસિંહ બંને બે બાજુએ ઉભા હતા મરિયમ તેની વચમાં એક પાણીના વહેળા નજીક શીલા પર બેઠી હતી બંને ધીમે ધીમે તેની લગભગમાં આવી લાગ્યા.

શ્રી 'અનાવિલ' પ્રિ. પ્રેસ, સુરત.